RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com
# ન્યુઝ ઓફ ગાંધીનગર
NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
*Volume : 7 * Issue No. 301* Date: 28.08.2021 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### સંસદીય સમિતિએ ક્રિમી લેયરની વાર્ષિક આવક મર્યાદાને વધારીને ૧૫ લાખ રૂપિયા કરવાની ભલામણ કરી

# પરિવારની કમાણીથી નક્કી ન થઈ શકે ક્રિમી લેયર - સુપ્રીમ કોર્ટે



ન્યુ દિલ્હી, તા.૨૭

સંસદીય સમિતિએ ક્રિમી લેયરની વાર્ષિક આવક મર્યાદાને વધારીને ૧૫ લાખ રૂપિયા કરવાની ભલામણ કરી હતી. સરકાર ૧૨ લાખ રૂપિયાની મર્યાદાને સ્વીકારી ચૂકી છે પરંતુ તે કૃષિ આવકને પણ ગ્રોસ ઈનકમમાં જોડવા માગે છે. આના પર સાંસદોનો વિરોધ છે.આવક મર્યાદાને લઈને ફેરફાર જરૂર થયા છે. દર ત્રણ વર્ષ DoPT તેમાં ફેરફાર કરે છે. ૮ સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ એ ૧ લાખ રૂપિયા પ્રતિ વર્ષ હતી. જેમાં પ્રથમવાર ફેરફાર ૯ માર્ચ ૨૦૦૪ના રોજ થયો અને તેને ૨.૫ લાખ રૂપિયા પ્રતિ વર્ષ કરવામાં આવ્યો. તેના પછી ઓક્ટોબર ૨૦૦૮ (૪.૫ લાખ), મે ૨૦૧૩ (૬ લાખ) અને સપ્ટેમ્બર ૨૦૧૭( ૮ લાખ)માં ફેરફાર કરવામાં આવ્યો. તેના પછીથી અત્યાર સુધી કોઈ રિવિઝન થયું નથી. બી પી શર્માની સમિતિને ૮ સપ્ટેમ્બર ૧૯૯૩ના નોટિફિકેશની સમીક્ષા કરવાની જવાબદારી અપાઈ હતી. તેની ભલામણના આધારે જ સામાજિક ન્યાય અને સશક્તીકરણ મંત્રાલયે રાષ્ટ્રીય પછાત વર્ગ આયોગને ડ્રાફ્ટ કેબિનેટ નોટ મોકલી હતી.આવક મર્યાદાને છોડીને નહીં, ક્રિમી લેયરની હાલની પરિભાષા એ જ છે જે DoPTએ ૮ સપ્ટેમ્બર ૧૯૯૩ના નોટિફિકેશનમાં આપી હતી. આના વિશે ૧૪ ઓક્ટોબર ૨૦૦૪ના રોજ તેમણે એક સ્પષ્ટીકરણ પણ જારી કર્યુ હતું. માર્ચમાં સંસદમાં અપાયેલી જાણકારી અનુસાર ક્રિમી લેયરની પરિભાષાને લઈ અન્ય કોઈ આદેશ જારી થયો નથી.રાજ્યસભામાં ત્રણ સાંસદો ( ૨ સપા અને એક કોંગ્રેસના)એ પુછ્યું હતું કે માત્ર OBC ઉમેદવારો માટે સરકારી નોકરીઓમાં ક્રિમી લેયરની જોગવાઈ શું ઉચિત છે? તેના પર ૨૨ જુલાઈએ કેન્દ્રીય રાજ્યમંત્રી જિતેન્દ્ર સિંહે ઈન્દિરા સાહની કેસનો હવાલો આપતા તેને જસ્ટિફાઈ કર્યો હતો. તેમણે કહ્યું કે ૨૦૧૫થી ૨૦૧૯ વચ્ચે IAS માટે પસંદ કરાયેલા ૬૩ ઉમેદવારોની ભરતી ન કરાઈ કેમકે તેઓ ક્રિમી લેયરમાં આવી રહ્યા હતા. હરિયાણા સરકારના ૨૦૧૬ના નોટિફિકેશનમાં શૈક્ષણિક સંસ્થાઓમાં એડમિશન અને સરકારી નોકરીઓમાં ભરતી માટે OBC માટે ક્રિમી લેયર નક્કી કરવામાં આવ્યું હતું. કહેવાયું હતું કે OBCના જે પરિવારોની વાર્ષિક આવક ૩ લાખ રૂપિયાથી ઓછી છે, તેમને પ્રથમ રિઝર્વેશન આપવામાં આવશે. તેના પછી પણ જો સીટો રહી જાય છે તો ૩થી ૬ લાખ રૂપિયાની વાર્ષિક આવકવાળાઓને અનામતનો લાભ આપવામાં આવશે. જે લોકો વાર્ષિક ૬ લાખ રૂપિયાથી વધુ કમાય છે, તેમને ક્રિમી લેયરમાં રખાશે.

નોન-ક્રિમી લેયરમાં વાર્ષિક આવકના આધારે બે સ્લેબ (૩ લાખ સુધી અને ૩થી ૬ લાખ સુધી) બનાવવું ગેરબંધારણીય છે. ૧૯૯૨ના ઈન્દિરા સાહની વિ. ભારત સરકારના નિર્ણયનો હવાલો આપતા સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે પછાત વર્ગના જે લોકો IAS, IPS કે અન્ય ઓલ ઈન્ડિયા સર્વિસિઝમાં સેવારત છે કે જે બીજાઓને રોજગારી આપવાની સ્થિતિમાં છે, કે જેમની એગ્રીકલ્ચરલ ઈનકમ વધુ છે કે જેમને સંપત્તિથી આવક થાય છે, તેમને રિઝર્વેશના લાભની જરૂર નથી. તેમને પછાત વર્ગમાંથી બહાર રાખવા જોઈએ. આ એક આર્થિક અને સામાજિક સીમા છે, જેના અંતર્ગત OBC રિઝર્વેશનના લાભ લાગુ થાય છે. સરકારી નોકરીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં ઞ્ઞ્ માટે ૨૭% ક્વોટા રિઝર્વ છે. જે ક્રિમી લેયરમાં આવે છે, તેમને ક્વોટા અંતર્ગત લાભ મળતા નથી.

બીજા પછાત વર્ગ આયોગ (મંડળ પંચ)ની ભલામણોના આધારે સરકારે ૧૩ ઓગસ્ટ ૧૯૯૦ના રોજ સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો માટે સરકારી નોકરીઓમાં ૨૭% રિઝર્વેશનની જોગવાઈ કરી હતી. સુપ્રીમ કોર્ટમાં તેને પડકારવામાં આવી. તેના પર ૧૬ નવેમ્બર ૧૯૯૨માં સુપ્રીમ કોર્ટે (ઈન્દિરા સાહની કેસ) OBC માટે ૨૭ % અનામત યથાવત્ રાખ્યું અને ક્રિમી લેયરને રિઝર્વેશનના ક્વોટાથી બહાર રાખ્યું. ઈન્દિરા સાહની કેસમાં આવેલા નિર્ણય અંતર્ગત જસ્ટિસ (રિટાયર્ડ) આરએન પ્રસાદની અધ્યક્ષતાવાળી એક્સપર્ટ કમિટી બનાવાઈ હતી. તેને જ ક્રિમી લેયરની પરિભાષા નક્કી કરવાની હતી. ૮ સપ્ટેમ્બર ૧૯૯૩ના રોજ ડિપાર્ટમેન્ટ ઓફ પર્સોનેલ એન્ડ ટ્રેનિંગ (DoPT)એ કેટલીક કેટેગરીના લોકોની યાદી બનાવી, જેના બાળકો OBC રિઝર્વેશનનો લાભ ઉઠાવી શકતા નથી. જેઓ સરકારમાં નથી, તેમના માટે ૮ લાખ રૂપિયા વર્ષે આવકની મર્યાદા નક્કી કરવામાં આવી છે. સરકારી કર્મચારીઓના બાળકો માટે ક્રિમી લેયર તરીકે તેમની રેંક અને હેસિયતને રાખવામાં આવ્યો. તેમની વાર્ષિક કમાણીને નહીં. ઉદાહરણ માટે એ વ્યક્તિ OBC રિઝર્વેશનનો લાભ નહીં ઉઠાવી શકે, જેના માતા કે પિતા બંધારણીય પદ પર છે; માતા કે પિતા ગ્રૂપ-એમાં સીધી ભરતીથી આવ્યા હોય; કે માતા અને પિતા બંને ગ્રૂપ-બીના અધિકારી હોય. જો માતા કે પિતા ૪૦ વર્ષથી ઓછી વયમાં પ્રમોશન માટે ગ્રૂપ એના અધિકારી બનેલા હોય તો તેમના બાળકો પણ ક્રિમી લેયરમાં રહેશે. આ રીતે આર્મીમાં કર્નલ કે તેનાથી ઊંચી રેંક્વાળા અધિકારી અને નેવી તથા એરફોર્સમાં સમાન રેંક્વાળા અધિકારીઓના બાળકોને પણ ક્રિમી લેયરમાં રાખવામાં આવશે. તેના ઉપરાંત પણ અન્ય અનેક શરતો રખાઈ છે.

DoPT તરફથી ૧૪ ઓક્ટોબર ૨૦૦૪ના રોજ જારી સ્પષ્ટીકરણ અનુસાર ક્રિમી લેયરને નક્કી કરતી વખતે વેતન અને કૃષિ જમીનથી થયેલી આવકને જોડવામાં આવતી નથી. સંસદના ચોમાસુ સત્રમાં આ મુદ્દો ઉછળ્યો હતો. લોકસભામાં ૮ સાંસદો (સાત ભાજપાના અને એક કોંગ્રેસના)એ ક્રિમી લેયરમાં ફેરફારના વિલંબિત પ્રસ્તાવનો મુદ્દો ઉઠાવ્યો હતો. તેના જવાબમાં ૨૦ જુલાઈએ સામાજિક ન્યાય અને સશક્તીકરણ રાજ્યમંત્રી પ્રતિમા ભૌમિકે કહ્યું હતું કે સરકાર તેના પર વિચાર કરી રહી છે.

# આતંકીઓને પકડી પકડીને મારીશું : બાઈડેન

વોશિંગ્ટન , તા.૨૭

આતંકવાદી સંગઠન ISISએ ગ્રુપના ટેલિગ્રામ એકાઉન્ટ પર કાબુલ એરપોર્ટ પર આતંકી હુમલાની જવાબદારી સ્વીકારી છે. કાબુલમાં અમેરિકી દૂતાવાસે કાબુલમાં હામિદ કરઝાઇ ઈન્ટરનેશનલ એરપોર્ટની બહાર બે વિસ્ફોટ બાદ અમેરિકી નાગરિકોએ એરપોર્ટ પર મુસાફરી ટાળવા અને એરપોર્ટની નજીક ન જવા માટે સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.જ્યારે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડને કહ્યું હતું કે કાબુલ એરપોર્ટ પર થયેલા હુમલામાં તાલિબાન અને ઈસ્લામિક સ્ટેટ વચ્ચે સાઠગાંઠના હજુ સુધી કોઈ પુરાવા મળ્યા નથી. ગુરુવારે અફઘાનિસ્તાનમાં કાબુલ એરપોર્ટ નજીક બે આત્મઘાતી હુમલાખોરો અને બંદૂકધારીઓ દ્વારા ટોળા પર થયેલા હુમલામાં ૧૩ અમેરિકન સૈનિક સહિત ઓછામાં ઓછા ૯૦ લોકો માર્યા ગયા હતા અને અન્ય ઘણા લોકો ઘાયલ થયા છે. એક અફઘાન અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે એરપોર્ટ પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૬૦ અફઘાન માર્યા ગયા અને અન્ય ૧૪૩ લોકો ઘાયલ થયા છે.જો બાઈડને કહ્યું હતું કે જો કેટલાંક કારણો પર વિશ્વાસ કરવામાં આવે તો અમેરિકા જાણે છે કે આ હુમલાનો આદેશ આપનાર ISISનો નેતા કોણ હતો. તે જ્યાં પણ હોય, મોટા લશ્કરી ઓપરેશન વગર પણ અમે તેને પકડીશું. બાઈડને એમ પણ કહ્યું હતું કે તેમણે લશ્કરી કમાન્ડરોને ISIS પર સ્ટ્રાઈક કરવાનું યોજના બનાવવા માટે કહ્યું છે. તેમણે કહ્યું હતું કે ×હવે અમે અમારું પસંદ કરેલા સ્થળ અને સમય પર જવાબ આપીશું.''કાબુલમાં થયેલા બોમ્બ-બ્લાસ્ટમાં ૧૩ અમેરિકન સૈનિક શહીદ થયા બાદ અમેરિકા અફઘાનિસ્તાનમાં ફરી સક્રિય થયું હોય એવું લાગી રહ્યું છે. રાષ્ટ્રપતિ જો બાઇડને સ્પષ્ટ કહ્યું હતું કે અમે તેમને માફ કરીશું નહી, અમે આતંકી હુમલો કરનારાઓને પકડી પકડીને મારીશું અને સજા કરીશું. બાઇડને એમ પણ કહ્યું હતું કે અફઘાનિસ્તાનમાં અમારું મિશન હજી પૂરું થયું નથી. કાબુલમાં શહીદ થયેલા અમેરિકન શહીદ થયેલા સૈનિકોના સન્માનમાં અમેરિકાનો રાષ્ટ્રધ્વજ નમેલો રહેશે. વ્હાઈટ હાઉસ તરફથી પ્રાપ્ત માહિતી અનુસાર, અમેરિકાનો રાષ્ટ્રધ્વજ ૩૦ ઓગસ્ટના રોજ સાંજ સુધી નમેલો રહેશે. ઉલ્લેખનીય છે કે કાબુલ એરપોર્ટ પર થયેલા વિસ્ફોટમાં ૧૩ અમેરિકન સૈનિક માર્યા ગયા હતા, જ્યારે એમાં ૧૮થી વધુ સૈનિકો ઘાયલ થયા હતા.

જો બાઇડને હુમલાખોરોને કાબુલ એરપોર્ટની બહાર થયેલા બોમ્બ-વિસ્ફોટો અંગે ચેતવણી આપી છે અને સ્પષ્ટપણે હતું કે હવે આતંકીઓએ એની કિંમત ચૂકવવી પડશે. કાબુલ એરપોર્ટ પર થયેલા આતંકી હુમલામાં અમેરિકન સૈનિકોનાં મોતથી ગુસ્સે થયેલા જો બાઈડને કહ્યું હતું કે ન તો અમે એને ભૂલીશું અને ન તો માફ કરીશું. હવે શિકાર અમે કરીશું અને આતંકીઓએ આ મોતની કિંમત ચૂકવવી પડશે. આ સાથે જ બાઇડને કહ્યું હતું કે અમે અફઘાનિસ્તાનના નાગરિકોને બચાવીશું. અમે કાબુલમાંથી અફઘાની લોકોને બહાર કાઢવાનું મિશન ચાલુ જ રાખીશું.

### વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જલિયાંવાલા બાગને રાષ્ટ્રને સમર્પિત કરશે

# વડાપ્રધાન મોદી જલિયાંવાલા બાગનું નવા પરિસરનું ઉદ્ઘાટન કરશે

ન્યુ દિલ્હી, તા.૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૮ ઓગષ્ટના રોજ જલિયાંવાલા બાગ સ્મારકના પુનર્નિર્મિત એટલે કે, રિનોવેટેડ પરિસરને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ પ્રસંગે વડાપ્રધાન સ્મારકમાં સંગ્રહાલય દીર્ઘાઓનું (ગેલેરી) પણ ઉદ્ઘાટન કરશે. વડાપ્રધાન મોદી ૨૮ ઓગષ્ટના રોજ સાંજે ૬:૨૫ કલાકે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી જલિયાંવાલા બાગને રાષ્ટ્રને સમર્પિત કરશે. આ આયોજન દરમિયાન પરિસરને વધુ સારૂ બનાવવા માટે સરકાર દ્વારા કરવામાં આવેલા પ્રયત્નો પણ દર્શાવવામાં આવશે. આ બાગના કેન્દ્રીય સ્થળ ગણાતા 'જ્વાળા સ્મારક'ના સમારકામની સાથે સાથે તેનું પુનર્નિર્માણ કરવામાં આવ્યું છે. ત્યાંના તળાવને 'લિલી તળાવ' તરીકે ફરી વિકસિત કરવામાં આવ્યું છે અને લોકોની સુવિધા માટે રસ્તા પહોળા કરવામાં આવ્યા છે. સાથે જ તમામ મહત્વપૂર્ણ સ્થળોને રોશની દ્વારા હાઈલાઈટ કરવામાં આવ્યા છે. તે સિવાય દેશી વૃક્ષારોપણની સાથે વધુ સારા ભૂદ્રશ્ય અને ચટ્ટાનોયુક્ત નિર્માણ કાર્ય, આખા બગીચામાં ઓડિયો નોડ્સ લગાવવાનું પણ ચાલુ છે. ઉપરાંત મોક્ષ સ્થળ, અમર જ્યોત અને ધ્વજ મસ્તૂલને વ્યવસ્થિત કરવા અનેક નવા ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવ્યો છે. કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રી, કેન્દ્રીય આવાસન અને શહેરી કાર્ય મંત્રી, સંસ્કૃતિ રાજ્ય મંત્રી, પંજાબના રાજ્યપાલ અને મુખ્યમંત્રી, હરિયાણા, ઉત્તરાખંડ અને હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી, પંજાબના તમામ લોકસભા અને રાજ્યસભા સાંસદ, જલિયાંવાલા બાગ રાષ્ટ્રીય સ્મારક



ન્યાસના સદસ્યગણ વગેરે આ અવસરે ઉપસ્થિત રહેશે. આ ઈમારત ઘણાં લાંબા સમયથી ખાલી પડી હતી અને તેનો ખૂબ ઓછો ઉપયોગ થઈ રહ્યો હતો. આ કારણે ઈમારતોને ફરી ઉપયોગમાં લેવા ૪ સંગ્રહાલય ગેલેરીઝ નિર્મિત કરવામાં આવી છે. આ ગેલેરીઝ તે સમય દરમિયાન પંજાબમાં ઘટિત વિવિધ ઘટનાઓના વિશેષ ઐતિહાસિક મહત્વને દર્શાવે છે. તે ઘટનાઓ દેખાડવા માટે શ્રવ્ય-દ્રશ્ય તકનીક દ્વારા પ્રસ્તુતિ કરવામાં આવશે જેમાં મેપિંગ અને ૩ડી ચિત્રાણની સાથે સાથે કલા અને મૂર્તિકલાનો પણ સમાવેશ થાય છે. ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના રોજ ઘટિત વિવિધ ઘટનાઓને દર્શાવવા માટે એક સાઉન્ડ એન્ડ લાઈટ શોની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આ પરિસરમાં વિકાસ સાથે સંકળાયેલી અનેક પહેલ કરવામાં આવી છે.

# આસામમાં ઉગ્રવાદીઓ દ્વારા ૭ ટ્રકમાં આગ લગાવાઈ : ૫ના મોત

આસામ, તા.૨૭

આસામના દીમા હસાઓ જિલ્લાના દિયુંગબરા નજીક શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા સાત ટ્રકને સળગાવી દેવામાં આવી હતી, જેમાં પાંચ ટ્રક-ડ્રાઈવર જીવતા સળગી ગયા હતા. અહેવાલ મુજબ, આગચંપી પહેલાં તેમણે અનેક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને મામલાની તપાસ કરવામાં આવી રહી છે. શંકાસ્પદ ઉગ્રવાદીઓએ દિયુંગબરા નજીક ઉમરંગસો લંકા રોડ પર સાત ટ્રકને સળગાવી દીધી હતી. આ ઘટનામાં પાંચ લોકોનાં મોત થયાં હતાં. આસામ પોલીસને આ ઘટનાને અંજામ આપવા પાછળ ઙ્ઘઙ્મન્ઙ્ઘ ના ઉગ્રવાદીઓ પર આશંકા છે. દીમા હસાઓ જિલ્લાના દિયુંગબરામાં ગઈરાત્રે શંકાસ્પદ ઉગ્રવાદીઓ દ્વારા આ ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ ઘટનામાં શંકાસ્પદ ઉગ્રવાદીઓએ સાત ટ્રકને સળગાવી દીધી હતી, જેમાં પાંચ ટ્રક-ડ્રાઈવર જીવતા જ બળીને ભડથું થઈ ગયા હતા. પોલીસને આ ઘટનામાં અત્યારસુધીમાં પાંચ ડ્રાઈવરના મૃતદેહ મળ્યા છે. પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે. પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના દિમા હસાઓ જિલ્લાના ઉમરંગસો લંકા રોડ પર બની હતી. આસામ પોલીસે કહ્યું હતું કે આ ભયાનક ઘટનાને અંજામ આપવાનું કામ DNLAના ઉગ્રવાદી જૂથ દ્વારા કરવામાં આવ્યું હોઇ શકે છે. જિલ્લાના એસપીએ કહ્યું હતું કે આ ઘટના બાદ આસામ રાઈફલ્સના વિસ્તારમાં મોટા પ્રમાણમાં સર્ચ-ઓપરેશન ચાલી રહ્યું છે. જિલ્લાના એસપીએ એમ પણ કહ્યું હતું કે અમે બદમાશોને પકડવા માટે આસામ રાઈફલ્સની મદદ લઇ રહ્યા છીએ અને આ સમગ્ર વિસ્તારમાં વ્યાપક શોધખોળ કરી રહ્યા છીએ. તમને જણાવી દઈએ કે આ ઘટના બાદ પોલીસ તરત જ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને ઘટનાની તપાસ શરૂ કરી હતી.

# દિલ્હી સૌથી વધુ સીસીટીવી કેમેરાવાળું વિશ્વનું નંબર-૧ શહેર બન્યું

ન્યુ દિલ્હી, તા.૨૭

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ સિદ્ધિ અંગે ખુશી વ્યક્ત કરી પોતાના અધિકારીઓ તથા એન્જિનિયર્સને અભિનંદન પાઠવ્યા. તેમણે ફોર્બ્સની યાદી શૅર કરતા લખ્યું કે, મને જણાવતા ગર્વ થાય છે કે દિલ્હીએ શાંઘાઈ, ન્યૂયોર્ક અને લંડનને દર ચો.મી.માં મહત્તમ સીસીટીવી કેમેરા મામલે પછાડ્યા છે. રાજધાની દિલ્હીએ વિશ્વમાં સૌથી વધુ સીસીટીવી કેમેરાવાળાં શહેરનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. ફોર્બ્સના રિપોર્ટ મુજબ, દિલ્હીનાં જાહેર સ્થળો પર દર ચોરસ મીટર વિસ્તારમાં ૧,૮૨૬ જ્યારે લંડનમાં દર ચોરસ મીટર વિસ્તારમાં ૧,૧૩૮ કેમેરા લાગેલા છે. દિલ્હી બાદ લંડન વિશ્વમાં બીજા ક્રમે છે. યાદીમાં ભારતનાં ૩ શહેર છે.

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૫૩૭૬

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૧

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૫૧૪૦

## તંત્રી સ્થાનેથી...

### કોંગ્રેસનો આતરકલહ વિપક્ષોને એક થવા દેશે....? રાજ્યોની ચૂટણીઓ ભાજપને ભારે પડી શકે.....!

*દેશમાં ભાજપ સિવાયના તમામ રાજકીય વિરોધ પક્ષોને એકજૂટ થવા માટે મમતા બેનર્જી દ્વારા ભરપૂર પ્રયાસો થઈ રહ્યા છે. તે સાથે સર્વ વિપક્ષોને સ્વીકાર્ય કોમન મુદ્દાઓ તૈયાર કરવામાં આવી રહ્યા છે. જેના કારણે કોઈ પણ વિપક્ષને ભાજપ સામે લડવામાં વાંધો નહી અને કોમન મુદ્દે લડત આપી શકે. જ્યારેક મમતા બેનરજીએ દરેક વિપક્ષ સાથે એક જ વાત કરી છે કે પ્રથમ ભાજપાના હરાવો પૂછીથી તમામ રસ્તા મળી રહેશે. તેમજ દરેક પક્ષોએ એક જૂટ થવું જરૂરી છે નહીતો મતો જે તે પક્ષો વચ્ચે વહેચાઈ જશે અને તે કારણે ભાજપને લાભ મળે છે તે ફરી મળી શકે. જો એક નહિ થઈએ તો પછી કેટલાક પક્ષોના અસ્તિત્વ સામે પણ જોખમ ઉભા થઇ જશે. દેશમાં સૌથી જુનો અને ભારતભરમાં ગ્રામ્યસ્તર સુધી પથરાયેલો કોંગ્રેસ પક્ષના આજે પણ અન્ય પક્ષો કરતા વધુ ચૂંટાયેલા સાંસદો, ધારાસભ્યો, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો, તેમજ સહકારી સંસ્થાઓમાં વધુ સભ્યો ધરાવે છે.... પરંતુ વિરોધ પક્ષોની આંતરિક લડતમાં કોંગ્રેસ સહિતના દરેક વિપક્ષોની નુકસાન થયું છે. એટલે હવે ભાજપ સામે તમામ વિપક્ષોએ એક જૂટ થઈ લડવું જરૂરી છે અને આ બાબત વિપક્ષોમા સ્વિકૃત થતી જઈ રહી છે. ત્યારેજ કોંગ્રેસમાં પંજાબ અને રાજસ્થાન સરકારમાં આંતરિક જૂથબંધી બહાર આવી છે અને આ બંને રાજ્યોમાં કોંગ્રેસ માટે પ્રશ્નો ઊભા કરી દીધા છે. રાજસ્થાનનું કોકડુ હજી સુધી ઉકેલાયું નથી ત્યાં પંજાબ કોંગ્રેસમાં અમરિંદરની સરકાર સામે નવનિયુક્ત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખના કહેવાતા ૩૦ ઉપરાંત ધારાસભ્યોએ બળવાનું બ્યુગલમ્ન ફૂંકી દીધુ છે. પરંતુ કેપ્ટન મજબૂત સીએમ છે. તેઓને વાંધો છે આવે તેમ નથી. તે સાથે આગામી ચૂંટણી સીએમ કેપ્ટન અમરિંદરની આગેવાનીમાં લડવામાં આવશે તેવી કોંગ્રેસ દ્વારા જાહેરાત કરીને બળવાખોરોને ચેતવણી આપી દીધી છે. આ બધા વચ્ચે ગુજરાતમાં આજે છ-છ મહિના વિતવા છતા પ્રદેશ પ્રમુખ કે વિધાનસભા વિપક્ષ નેતાની નિમણૂક હજુ સુધી થઇ શકી નથી..... ટૂંકમાં કોંગ્રેસને ભાજપ નહી પણ ખુદ કોંગ્રેસના જ ખતમ કરવા તરફ જઇ રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે.....આને આવી બાબતો રાજકિય ક્ષેત્રમા ચર્ચાઈ રહી છે.....!*

*દેશના સાત રાજ્યોમાં આવી રહેલી વિધાનસભા ચૂંટણીઓમાં ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ અને પંજાબ ભાજપને માટે તકલીફ દેહી હોઈ શકે તેવી સ્થિતિ બની રહી છે.....! યુપીમાં ભાજપની યોગી સરકારનો ગ્રાફ તદ્દન નીચે ઉતરી ગયો છે. ઉપરાંત કેટલીક કોરોના કાળની દુ:ખદ ઘટનાઓ તથા કેટલીક શરમજનક ઘટનાઓએ ભાજપને નુકસાન પહોંચનારી બની રહી છે અને તેના વમળો આજે પણ યથાવત છે. તો બીજી તરફ કૃષિ કાનૂન વિરોધી કિસાન આંદોલન પણ ભાજપને મોટું નુકસાન કરશે તે પણ સ્પષ્ટ અનુભવી શકાય છે.....!તાજેતરમા ભાજપના પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણસિહનું નિધન થવાનો લાભ લેવા તેમના અસ્થિ કળશ યાત્રા કાઢી પરંતુ તેનો પણ લાભ મળશે કે કેમ તે મોટો સવાલ છે....કારણ તેઓને ભાજપ શાસનમાજ ભૂલાવી દેવાયા હતા. ટૂંકમાં ભાજપ માટે યુ.પી કપરાં ચઢાણ રૂપ બની રહેશે જ્યારે પંજાબમાં ભાજપને પગ મૂકવાની જગ્યા મળે તેમ નથી...કારણ કૃષિ કાનુન સામે કિસાન આંદોલનના પડઘા સતત ગાજી રહ્યા છે. તેમ જ એક સમયનો સાથી પક્ષ અકાલીદળ તેની સાથે બેસવા તૈયાર નથી. અને આ બધી બાબતો ભાજપને ધાર્યા બહારનુ નુકસાન કરી શકે તેવી શક્યતા છે....! આ બધું છતા ભાજપ માટે દરવાજા ખુલી શકે છે...જો કૃષિ કાનુનો પરત ખેંચે તો.... નહી તો...નુકસાન માટેની ભાજપાએ તૈયારી રાખવી પડશે.....! ?*

*વંદે માતરમ્*

## માહિતીની તબદિલ અરજી ૨૦ દિવસ પછી ડિઝાસ્ટર સેલને પહોંચી

# માહિતી કમિશનર અધ્વર્યુનો ઠપકો-કલેક્ટર કચેરી સુરત મામલતદારના કપડા ઉતારી લીધા

**શરમજનક છે કે હાસ્યાસ્પદ !ગામના ફોજદાર સુરત કલેક્ટરની કચેરીના ડિઝાસ્ટર સેલમાં ૨૦૦૫ બાદ ૨૦૨૧ સુધી કોઈ માહિતી અધિકારીની નિમણૂક કરવામાં આવી નથી.**

સુરત મહાનગરપાલિકા, દક્ષિણ ગુજરાત વિદ્યુત કંપની, ફાયર ડિપાર્ટમેન્ટ, આપત્તિ વ્યવસ્થાપન કેન્દ્ર, ડિઝાસ્ટર ઈમરજન્સી ઓપરેશન સેન્ટર કલેક્ટર કચેરી ના ભરોસે સુરતની જનતાના કેવા હાલ હવાલ થયાં છે ? એનું જીવતું જાગતું ઉદાહરણ એટલે બાવીસ બાળકોનો ભોગ લેનાર તક્ષશિલા અગ્નિ હત્યાકાંડ ! સુરત શહેરમાં ભૂકંપ થાય, પૂર આવે , આગ લાગે , કોઈ મકાનની હોનારત થાય , તાપી નદીના પાળા તૂટે ત્યારે ઉપરોક્ત જણાવેલ તમામ વિભાગના ભરોસે આપણે રહેવું પડે છે એનાં વળતર પેટે જનતા કરોડો રૂપિયાનો ટેક્ષ વેરો ચૂકવે છે.આજે વિશ્વમાં સુરત શહેર ગુજરાતની આર્થિક પાટનગરી છે હીરા ઉદ્યોગ હોય કે કાપડ ઉદ્યોગ સુરતની જનતા તનતોડ મહેનત કરીને અબજો રૃપિયાનું વિદેશી હૂંડિયામણ સરકારને કમાઈ આપે છે.

સુરત શહેરના ભ્રષ્ટાચારીઓના પાપે વારંવાર સરકારી આવાસોમાં પણ મકાન હોનારતમાં થાય છે અને નિર્દોષ માણસો એમનો જીવ ગુમાવે છે સિમેન્ટ કોંક્રીટના જંગલ બનાવી મૂકેલા,, ટી પી સ્કીમની પત્તર ખાંડી નાખેલાં સુરત શહેરમાં આગ લાગે તો આગસ્થળે ફાયર બ્રિગેડની ગાડીઓ પણ પહોંચી શકતી નથી અને પહોંચે તો સાધનો કામ કરતાં નથી.સુરત શહેરની સરકારી કચેરીઓમાં પણ ફાયરસેફ્ટીની સુવિધાઓ કે યોગ્ય પ્રમાણપત્રો નથી. શાળાઓમાં પણ આગ લાગે છે આવા અનેક મુદ્દાઓ અને સુરત શહેરને ગુજરાત સરકારે કરોડો રૂપિયાની ફાળવેલી ગ્રાન્ટ બાદ પ્રજાના પૈસા ક્યાં વપરાયા છે ? કેવી રીતે વપરાય છે ? એના કોણ જવાબદારો છે ? કયા કયા સાધનોની ખરીદી કરવામાં આવી છે ? કેવી કેવી તાલીમો આપવામાં આવે છે ? એ માહિતી માંગવા જાણકારી મેળવવા માટે આરટીઆઇ એક્ટિવિસ્ટ, જનતા દરબાર સંયોજક ગુજરાત,શિક્ષક દિપકપટેલ દ્વારા સુરત જિલ્લા કલેકટર કચેરીમાં બીજી નવેમ્બર ૨૦૨૦ના રોજ માહિતી માંગી હતી. ૩૦દિવસની સમયમર્યાદામાં માહિતી કે કોઈ પણ જવાબ ન મળતા ૨૨મી ડિસેમ્બર ૨૦૨૦ના દિને જિલ્લા કલેક્ટર કચેરીના અપીલઅધિકારીને પ્રથમ અપીલ કરી હતી. પ્રથમ અપીલઅધિકારી દ્વારા સુનાવણી રાખવામાં આવી હતી આ સુનાવણી વખતે ડીપીઓ (જીએસડીએમએ) ડિઝાસ્ટર શાખા કલેક્ટર કચેરી સુરતના માહિતી અધિકારીએ દીપક પટેલ દ્વારા માંગવામાં આવેલી તમામ માહિતી એમની પાસે ઉપલબ્ધ છે એવું કબૂલ કરેલ એવું જણાય છે.જેથી આરટીઆઈની તમામ જોગવાઈઓનો ભંગ થવાનું પુરવાર થતાં જિલ્લા પુરવઠા અધિકારી કલેકટર કચેરી સુરતના અપીલ અધિકારી દ્વારા ૧લી ફેબ્રુઆરી ૨૦૨૧ના રોજ હુકમ કરેલ કે દીપક પટેલને દિન સાતમા વિનામૂલ્યે માહિતી પૂરી પાડવી.

આ હુકમ પછી દીપક પટેલ દ્વારા વારંવાર ડિઝાસ્ટર સેલ સુરત અને કલેક્ટર કચેરીના અપીલ અધિકારીને વિનંતી કરેલ પરંતુ પ્રથમ અપીલ અધિકારીના હુકમનું પાલન થયું નહીં. અને વિશાળ જનહિતને લગતી માહીતી છુપાવવાના ખેલ થયા હશે.

અમારા અખબારને જાણવા મળેલ વિગત મુજબ દીપક પટેલ દ્વારા જીએસડીએમએ અન્વયે ડિઝાસ્ટર મેનેજમેન્ટ રાજ્ય સરકાર દ્વારા સુરત જિલ્લાના વિસ્તાર માટે જે અનુદાન ફાળવે છે તે રકમની જાણકારી માંગી હતી. નાના કોણે આપ્યા છે? એ કોણે સ્વીકાર્યા છે? એ ક્યાં ગયા વાપર્યા હતા ?આ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનિંગ સેન્ટરમાં ફરજ બજાવતા કર્મચારીઓના નામ, સરનામાની માહિતી માગી હતી. હાજરીના પત્રકની માહિતી, ડિઝાસ્ટર ટ્રેનિંગ સેન્ટરમાં ફરજ બજાવવાની ફાળવણી કરવામાં આવેલ આ ફરજની માટેના હુકમોના પત્રોની નકલો માંગી હતી , તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ટ્રેનિંગ સેન્ટર સુરતને ફાળવણી કરેલ , ખરીદી કરેલ , લોન પર લીધેલ તમામ સાધનના નામ પ્રકાર સાધનોની સંખ્યા , સાધનની કિંમત તેમજ આ સાધનો હાલ ક્યાં રાખવામાં આવ્યા છે ? એના સરનામા અને ખરીદીના બિલ ની માહિતી માગી હતી. આ તમામ સાધનો, હેવી વાહનો માટે આરટીઓ પાર્સિંગના નિયમ મુજબ મેળવેલા વિવિધ પ્રમાણપત્રો, ઈન્સ્યોરન્સ પ્રમાણપત્રો અને વાહનોના નંબરની માહિતી માગી હતી તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ સુરત જિલ્લા માટે વિવિધ વિસ્તારોમાં જેમને જવાબદારી સોંપવામાં આવી છે એવા અધિકારીનાનામ , લાયકાતની માહિતી માગવામાં આવી હતી.

જીએસડીએમએ ડિઝાસ્ટર શાખા કલેકટર કચેરી સુરતમાં ઉપલબ્ધ છે એવું એમના માહિતી અધિકારીએ સ્વીકાર કરેલ જેના આધારે જિલ્લા પુરવઠા અધિકારી એ કે સોલંકીએ પહેલી ફેબ્રુઆરીના રોજ દિન ૭માં વિનામૂલ્યે માહિતી દીપક પટેલને પૂરી પાડવી એવો હુકમ કરેલ. દીપક પટેલ દ્વારા એમની પ્રથમ અપીલ અને ફરિયાદમાં , બીજી અપીલમાં જણાવેલ કે જિલ્લા કલેકટર કચેરી સુરતના માહિતી અધિકારી દ્વારા એમની માહિતી ની અરજી મૂજબની એમણે માગેલી માહિતીની અરજી માહિતીઅધિકારી વીસ દિવસ સુધી સંબંધિત વિભાગને પહોંચાડી નહોતી કે પહોંચી નથી.આમ દિન પાંચની અંદર અરજી તબદીલ કરવાના નિયમનો જોગવાઈનો શરતનો ભંગ કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર કચેરીના અપીલ અધિકારીએ હુકમ કરેલો એનું પાલન પણ કરવામાં આવ્યું નથી. માહિતીના કાયદા મુજબ ૩૦ દિવસની અંદર માહિતીના અરજદારને માહિતી પૂરી પાડવાની હોય છે પરંતુ આખા ગામની ફોજદારી કરતા એવા કલેકટર કચેરીના વિવિધ ડિપાર્ટમેન્ટ દ્વારા ગુજરાત સરકારે લાગુ કરેલા માહિતી અધિકાર અધિનિયમના તમામ જોગવાઈ પ્રાવધાનો , સમય મર્યાદા જિલ્લા કલેકટર કચેરી સુરત દ્વારા ભંગ કરેલો છે એવું આ પુરવાર પણ થયું છે. રાજ્ય માહિતી કમિશનર કે. એમ. અધ્વર્યુ દ્વારા ૪થી ઓગસ્ટ ૨૦૨૧ના ચુકાદામાં પણ જણાવેલ છે કે માહિતી અધિકારીએ નમુના ક મળેલી અરજી વધુમાં વધુ પાંચ દિવસની સમયમર્યાદામાં તબદીલ કરવાની હોય છે જે વ્યવસ્થા સુરત કલેકટર દ્વારા ગોઠવી નથી જેને કારણે આર.ટી.આઈ એક્ટ મુજબની વ્યવસ્થા ગોઠવવા આયોગ કમિશનર સુરત કલેકટર ને જણાવ્યું છે આયોગ સમક્ષ ડિઝાસ્ટર સેલના પ્રતિનિધિ મામલતદાર દ્વારા જણાવાયું છે કે નંબર બીજી નવેમ્બર ૨૦૨૦ ના રોજ માગેલી માહિતી એમણે ૨૦મી જાન્યુઆરી ૨૦૨૧ના પત્ર થી પુરી પાડી છે આમ અહીં સીધેસીધુ સાબિત થાય છે કે મામલતદાર ડીઝાસ્ટર શાખાના માહિતી અધિકારીઓ દ્વારા ૩૦ ની અંદર માહિતીના અરજદારને માહિતી પુરી પાડવામાં આવી નથી. આયોગના ચુકાદામાં એવું સ્પષ્ટ જણાય છે કે મામલતદાર કચેરી ડિઝાસ્ટર સેલ ,કલેકટર કચેરી સુરતમાં માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫નું ૨૦૨૧ સુધીમાં પાલન થયું નથી અને કાયદાની જોગવાઈઓ મુજબ એમની કચેરીમાં એટલે કે ડિઝાસ્ટર સેલ મામલતદાર કચેરીમાં માહિતી અધિકારીની નિમણુક પણ કરવામાં આવી નથી. આ શરમજનક છે. કાયદાની ઘોર ખોદવા સમાન છે, આ છે સુરત કલેક્ટર કચેરીનું પ્રતિબિંબ.

કમિશનર ગુજરાત રાજ્ય માહિતી આયોગ ગાંધીનગર કે. એમ. અધ્વર્યુ દ્વારા એમના આદેશમાં જણાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમ જોગવાઈઓ અનુસાર માહિતી અધિકારીની નિમણૂક કરવામાં આવી નથી. જેથી માહિતી અધિકારીએ અરજદારે માગેલ માહિતી જરૂરી માહિતી મેળવીને અરજદારને પૂરી પાડવાની જવાબદારી હોય છે આ બાબતે ઠપકો આપતા જણાવ્યું છે કે મામલતદાર ડીઝાસ્ટર સેલ સુરત અને કલેક્ટર આ બાબતે ભવિષ્યમાં કાળજી લે. હવે અહીં જોવાનું એ રહે છે કે સુરત શહેરમાં જિલ્લા કલેકટર કચેરીના આધીન આવેલ ડિઝાસ્ટર સેલ મામલતદાર કચેરીમાં જ કાયદાના અમલની શરૂઆતના ૧૫ વર્ષ સુધી જો માહિતી અધિકારીની નિમણૂક જ કરવામાં આવી ન હોય તો સુરત જિલ્લા કલેકટર કચેરીના જાહેર નોકરો પાસેથી બીજી શું આશા રાખી શકાય ?

ઉપરોક્ત વર્ણવેલ માહિતી અરજી, માહિતી માગયાની તારીખ, માહિતીની અરજી તબદીલ કરવાની તારીખ, તબદીલ અરજી સંબંધિત વિભાગને પહોંચેલાની તારીખ, પ્રથમ અપીલ પ્રથમ અપીલની સુનાવણી, પ્રથમ અપીલ સુનાવણી વખતે માહિતી અધિકારીઓએ કરેલી કબૂલાત , પ્રથમ અપીલ અધિકારીનો ચુકાદો અને રાજ્ય માહિતી આયોગ નો આદેશ. અંતે એટલું જરૂર કહી શકાય કે કાયદો ભલે ચોપડામાં હોય પરંતુ કાયદો કાયદાનું કામ કરે છે. કાયદો તોડનાર બચતાં નથી, જાતે જ ભેરવાઈ છે. રાજ્ય માહિતી કમિશનર કે.એમ અધ્વર્યુનો ચુકાદો માહિતી ના કાયદા તોડનારને માટે આળપંપાળ પીઠ પંપાળવા સમાન છે કે આડા હાથની થપ્પડ ! એ પુરવાર થશે ખરું ? માહિતી માંગનાર અરજદારને આજ દિન સુધી કોઈ જ માહિતી મળી નથી. માત્ર માહિતી આપવામાંથી છટકવા માટેના હવાલાપત્રો , બહાનાપત્રો ,, ખોખોના પત્રો જ મળ્યા છે. જો સુરત શહેરને સુરત શહેરના લોકોની સુરક્ષા અને સલામતી માટે કેન્દ્ર અને ગુજરાત સરકાર કરોડો રૂપિયા ફાળવતી હોય તો આ બધા નાણાં ક્યાં ગયા ? કયા સાધનો ખરીદ્યા ? ક્યારે તાલીમ યોજાઈ ?કોણ જવાબદાર ? એ જાણવાનો સૌને અધિકાર છે.

દિપક પટેલ શિક્ષક સુરત જનતા દરબાર સંયોજક ગુજરાત દ્વારા માગવામાં આવેલ માહિતી શામાટે છુપાવી છે ? શું નવનિયુક્ત જીલ્લા કલેકટર સુરતની જનતા, સરકારના અનુદાન, પારદર્શી વહીવટનો દાખલો બેસાડશે.. માહિતી અધિકાર અધિનિયમ કાયદાનું એમની કચેરીમા આયોગના ચુકાદામાં જણાવ્યું છે એ પ્રમાણે પાલન કરાવશે ?

જો જો કલેક્ટર આ સુરત છે અહીં આગ લાગે પછી કૂવો ખોદવાનું કલંક લાગેલું છે એ તક્ષશિલા અગ્નિ હત્યાકાંડમાં પુરવાર થયું છે... આપ હવે સરકારનાં કાયદાનું કેવું પાલન કરાવશો એ તરફ પચાસ લાખ સુરતવાસીઓ ચૌકાંધી ખુલ્લી નજર છે.

## ગોધરામાં મહિલાને આખલાએ રોડ પર પટકતા હાલત ગંભીર

ગોધરા, તા.૨૭

ગોધરા શહેરમાં તાજેતરમાં બગીચા પાસે બે આખલા લડતા અનેક વાહનોને નુકસાન થયું હતું. નગરપાલિકાના બેજવાબદાર અધિકારીઓ ગોધરા શહેરના રસ્તઓ પર બેસતા ઢોરોને ખસેડવાની કે પકડવાની તસ્દી લેતા નથી. નેતાઓ માટે હંમેશા ખડેપગે ઉભા રહેતા પાલિકાના અધિકારીઓ પ્રજાને પડતી મુશ્કેલી દૂર કરવામાં રસ ન હોય તેમ લાગી રહ્યું છે. અત્રે ઉલ્લેખનિય બાબત એ પણ છે કે, સ્માર્ટ સિટીની વાતો કરતા શાસક ભાજપ ૨૫ વર્ષથી કોર્પોરેશનમાં સત્તા ભોગવી રહ્યું છે. વડોદરામાં રસ્તે રખડતી ગાયોના કારણે અનેક લોકોએ પોતાના જીવ પણ ગુમાવ્યા છે. આમ છતાં, કોર્પોરેશનમાં સત્તાધારીઓ શહેરીજનોને રસ્તે રખડતી ગાયોના ત્રાસમાંથી મુક્તિ અપાવી શક્યું નથી. શહેરીજનોને રસ્તે રખડતી ગાયોથી મુક્તી અપાવવા માટે મોટી વાતો થાય છે. પરંતુ, તેનો કોઇ અમલ થતો નથી.નોંધનીય છે કે, વડોદરા શહેરના માર્ગો ઉપર રખડતી ગાયો શહેરીજનો માટે જોખમરૂમ પુરવાર થઇ રહી છે.

વડોદરા મહાનગરપાલિકાની ઢોર પાર્ટી દ્વારા ગાયો પકડવાનું અભિયાન પણ શરૂ કરવામાં આવ્યું છે. પરંતુ, કોર્પોરેશનની ઢોર પાર્ટી પોલીસ બંદોબસ્ત સાથે ગાયો પકડવા જાય છે, ત્યારે ગૌપાલકો પોતાની ગાયોને ઢોર પાર્ટીથી બચાવવા માટે બાઇકો પર લોકોના જીવ જોખમમાં મૂકાય તે રીતે નીકળી પડે છે. નવાપુરા પુરા વિસ્તારમાં કોર્પોરેશનની કામગીરીમાં અવરોધરૂપ બનેલા ગૌપાલકો સામે ફરિયાદ પણ નોંધાઇ છે.અરવિંદભાઈને ગાયે ભેટીએ ચઢાવતા તેઓના હાથ અને પગમાં ગંભીર ઈજા પહોંચી હતી. અરવિંદભાઇ રોડ પર પટકાતા જ સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને ગંભીર ઈજા પામેલા અરવિંદભાઇને તુરંત જ નજીકની હોસ્પિટલમાં લઇ ગયા હતા. ગાયે ભેટીએ ચઢાવતા અરવિંદભાઇનો જીવ બચી ગયો છે, પરંતુ, તેઓના હાથ અને પગમાં એકથી વધુ ફ્રેક્ચર થઇ ગયા હોવાનું જાણવા મળ્યું હતું.૩ દિવસ પહેલા જ ઓફિસથી ઘરે જઇ રહેલા વડોદરા મહાનગરપાલિકાના કર્મચારીને ગાયે ભેટીએ ચઢાવતા હાથ અને પગમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી. વડોદરા શહેરના વાઘોડિયા રોડ પર રહેતા અરવિંદભાઇ પરમાર મંગળવારે સાંજે તેઓ નોકરી ઉપરથી છૂટીને બાઇક પર ઘર તરફ જઇ રહ્યા હતા. દરમિયાન મહેશ કોમ્પ્લેક્ષ પાસે રસ્તા ઉપર બેઠેલા ગાયોના ટોળાએ દોડા દોડ શરૂ કર્યું હતું. જેમાં એક ગાયે બાઇક ચાલક અરવિંદભાઇ પરમારને ભેટીએ ચઢાવતા તેઓ રોડ ઉપર પટકાયા હતા. ગોધરાના વાવડી પેટ્રોલપંપ પાસે રોડ વાહનની રાહ જોઇને ઉભેલી મહિલાને આખલાએ શિંગડામાં ભેરવીને રોડ પર પટકી દીધી હતી. જેને પગલે મહિલા ગંભીર રીત ઈજાગ્રસ્ત થઇ હતી. જેથી મહિલાને સારવાર અર્થે વડોદરા શહેરની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

## ગુજરાતના મુખ્ય સચિવ તરીકે પંકજકુમારની નિયુક્તિ

ગાંધીનગર , તા.૨૭

ગુજરાતના મુખ્ય સચિવ અનિલ મુકીમનું બીજું એક્સટેન્શન ૩૧ ઓગસ્ટે પૂર્ણ થઈ રહ્યું છે. આ દરમિયાન ગુજરાતના નવા મુખ્ય સચિવ તરીકે હાલ ગૃહ વિભાગના સચિવ પંકજકુમારનું નામ લગભગ નક્કી મનાય છે. હાલ મુકીમ બાદ ગુજરાતની અમલદારશાહીમાં સૌથી સિનિયર અધિકારી પંકજકુમાર છે.

ગુજરાત સરકાર કેન્દ્ર સરકારને તેમનું નામ મુખ્ય સચિવ માટે પસંદ કરવા દરખાસ્ત મોકલી રહી છે.પંકજકુમાર મૂળ બિહારના વતની છે અને તેઓ ૧૯૮૬ બેચના અધિકારી છે. તેઓ મુખ્યમંત્રી વિજય રૂપાણીની ખૂબ નજીકના ગણાય છે. આ દરમિયાન વર્તમાન મુખ્ય સચિવ અનિલ મુકીમે ગુરુવારે મુખ્યમંત્રીના મુખ્ય અગ્ર સચિવ કે કૈલાસનાથન સાથે એક અંગત મુલાકાત કરી હતી. કે. કૈલાસનાથન પણ દિલ્હી જઇ રહ્યા છે. કૈલાશનાથન દિલ્હી પહોંચ્યા બાદ ગમે ત્યારે ગુજરાતના નવા મુખ્ય સચિવની નિમણૂંકના આદેશો થઇ શકે છે.

## વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમ પર : માસ પ્રમોશન નબળું નીકળ્યુ

અમદાવાદ , તા.૨૭

ધોરણ ૧૨ સાયન્સમાં એક લાખ ૭ હજાર ૨૬૪ વિદ્યાર્થીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. બોર્ડના ઈતિહાસમાં પ્રથમ વખત ૧૦૦ ટકા પરિણામ જાહેર થયું હતું, જેમાં ૩૨૪૫ વિદ્યાર્થીએ છ૧ ગ્રેડ મેળવ્યો છે, જ્યારે ૧૫ હજાર ૨૮૪ વિદ્યાર્થીએ છ૨ ગ્રેડ મેળવ્યો છે. છ ગ્રુપમાં ૪૬૬ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે, જ્યારે ғ ગ્રુપમાં ૬૫૭ વિદ્યાર્થીએ ૯૯ ટકાથી વધુ માર્ક મેળવ્યા છે. અમદાવાદ શહેરમાં ૧૦૯ વિદ્યાર્થી અને અમદાવાદ ગ્રામ્યમાં ૭૩ વિદ્યાર્થીએ A1 ગ્રેડ મેળવ્યો છે. સૌથી વધુ ૨૬,૮૩૧ વિદ્યાર્થીએ ғ૨ ગ્રેડ મેળવ્યો છે. ગત ૧૫ જુલાઈએ રિપીટર્સની પરીક્ષા લેવાઈ હતી, જેમાં ધોરણ ૧૨ સાયન્સના ૩૨ હજાર ૪૬૫ વિદ્યાર્થીમાંથી ૩૦ હજાર ૩૪૩ વિદ્યાર્થીએ જ પરીક્ષા આપી હતી. માત્ર ૪૬૪૯ વિદ્યાર્થીઓ જ પાસ થયા છે. એમાં ૨૨૮૧ વિદ્યાર્થીઓ અને ૨૩૬૮ વિદ્યાર્થિની છે .A ગ્રુપમાં ૭૭૭૭ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી જેની સામે ૧૧૩૦ વિદ્યાર્થી પાસ થયા છે. જ્યારે છ ગ્રુપમાં ૧૪૨૫ વિદ્યાર્થિનીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૯૭ વિદ્યાર્થિની પાસ થઈ છે. B ગ્રુપમાં ૯૫૫૪ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૧૧૫૧ વિદ્યાર્થી જ પાસ થયા છે, જ્યારે B ગ્રુપની ૧૧૫૭૮ વિદ્યાર્થિનીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૨૦૭૧ વિદ્યાર્થિની પાસ થઈ છે. કોરોનાને લીધે ધો.૧૦-૧૨ના નિયમિત વિદ્યાર્થીઓની પરીક્ષા રદ કરાઈ છે ત્યારે ધો.૧૨ સાયન્સમાં કેન્દ્ર સરકારે સીબીએસઈની વૈકલ્પિક પરીક્ષા જાહેર કરતાં ગુજરાત બોર્ડે પણ માસ પ્રમોશનથી સંતુષ્ટ ન હોય તેવા ૧૨ સાયન્સના વિદ્યાર્થીઓ માટે ખાસ બોર્ડ પરીક્ષા લીધી હતી, જેમાં નોંધાયેલા માત્ર ૬૫ વિદ્યાર્થીમાંથી ૫૪ વિદ્યાર્થીએ પરીક્ષા આપી હતી, જેમાંથી ૭૦ ટકા એટલે કે ૩૮ વિદ્યાર્થી પાસ થયા છે. ધો.૧૨ સાયન્સના ૧.૦૭ લાખ નિયમિત વિદ્યાર્થીને માસ પ્રમોશન આધારિત ફોર્મ્યુલાથી પાસ કરવામાં આવ્યા છે. ત્યારે માસ પ્રમોશન મુજબના પરિણામથી સંતુષ્ટ ન હોય એવા વિદ્યાર્થીઓને બોર્ડની માર્કશીટ જમા કરાવાની હતી અને તેમની ફરીથી પરીક્ષા લેવાવાની હતી, જે ગત ૧૨થી૧૪ ઓગસ્ટ દરમિયાન અમદાવાદમાં લેવાઈ હતી. ૧.૦૭ લાખમાંથી ૬૫ વિદ્યાર્થીએ જ માર્કશીટ જમા કરાવી હતી. આ પરીક્ષા માટે નોંધાયેલા ૬૫માંથી પણ પરીક્ષા ૫૪ વિદ્યાર્થીએ આપી હતી અને બાકીના ગેરહાજર રહ્યા હતા.

## મહેસાણા શહેરમાં હવે સીટી બસ દોડશે

મહેસાણા , તા.૨૭

મહેસાણા શહેરમાં ચાર સ્થળે પીકઅપ સ્ટેન્ડ બનશે.જેમાં તોરણવાળી ચોક, મોઢેરા રોડ ઉપર લકીપાર્ક પાસે, રાધનપુર રોડ ઉપર દ્વારકાપુરી ફ્લેટના કોર્નરમાં તેમજ માનવઆશ્રમ ચોકડી એમ ચાર જગ્યાએ નવા પીકઅપ સ્ટેન્ડ બનાવવામાં આવશે. મહેસાણા પાલિકાના વિપક્ષના નેતા કમલેશ સુતરીયા સહિત કોંગી સદસ્યોએ રજૂઆત કરતાં કહ્યુ કે, શહેરી વિકાસ વિભાગની જોગવાઈ મુજબ પાલિકાને પ્રતિ કિ.મી રૂ. ૧૨.૫૦ અનુદાન મળવાપાત્ર છે.જેનાથી પોણા ત્રણ ગણા ભાવે એટલે કે પ્રતિ કિ.મી રૂ. ૩૩.૫૧ થી સીટીબસનો કોન્ટ્રાક્ટ મંજુર કરી આખરી ઓપ અપાઇ રહ્યો છે.

વધુમાં વધુ કિ.મી દીઠ ભાવ રૂ.૨૫ થી વધારે હોવા જોઈએ નહી છતાં પ્રતિ કિ.મી ભાવ રૂ. ૩૩.૫૧ નક્કી કરાયા છે. જેમાં નગરપાલિકાએ પ્રતિ કિ.મી ગુરુ કૃપા ટ્રાવેલ્સ એજન્સીને રૂ. ૨૧.૦૧ ચુકવવાના થાય અને સાથે સાથે મહિલાઓ અને દિવ્યાંગો સિવાય ટિકિટના નાણા પણ કોન્ટ્રાક્ટરને મળવાના છે.ભૂતકાળમાં સીટી બસ સંચાલન માટે રૂ. ૨૫ ભાવ આવ્યો હતો.ગુજરાત એસ.ટી નિગમ દ્વારા પુરી પાડવામાં આવતી બસ સેવામાં મીનીબસનો ભાવ પ્રતિ કિ.મી રૂ. ૨૬ છે.ગુરુકૃપા ટ્રાવેલ્સ એજન્સી દ્વારા અન્ય શહેરોમાં કોન્ટ્રાક્ટમાં પ્રતિ કિ.મી ભાવ રૂ. ૨૫ આસપાસ છે. મહેસાણામાં આ એજન્સીનો ભાવ રૂ. ૩૩.૫૧ ખુબ વધુ હોઈ વર્ષે દહાડે એજન્સીને લાખો કરોડો રૂપિયા વધારે ચુકવવા પડશે. મહેસાણા શહેરમાં આગામી તા. ૫ સપ્ટેમ્બરથી સીટી બસ સેવાનો પ્રારંભ કરવામાં આવશે.શહેરીજનોની વર્ષોની ઈંતેજારી પછી હવે સીટી બસ સેવા શરૂ કરવા આયોજનને નગરપાલિકાએ આખરી ઓપ આપ્યો છે.પ્રમુખ વર્ષાબેન પટેલે કહ્યુ કે, આગામી ૫ મીએ સાંજે ૪ વાગ્યે નાયબ મુખ્યમંત્રીના હસ્તે સીટી બસ સેવાનો શહેરમાં પ્રારંભ કરવામાં આવશે.

## રૂમાલ વેચતી મહિલાને ગાંધીનગર સિવિલ ડોક્ટરે ઢસડી

ગાંધીનગર , તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ગેટ પાસે ઝરીનાબેન સુભાન કટિયા હાથ રૂમાલ સહિતનાં નાનાં કપડાં લાવીને વેપાર કરી ગુજરાન ચલાવે છે. ગાંધીનગર સિવિલમાં ઓર્થોપેડિક વિભાગમાં હેડ તરીકે ફરજ બનાવતા ડૉ. વિકી પરીખે મહિલા સાથે અમાનવીય વર્તન કર્યું છે. ભોગ બનનારી મહિલાએ કહ્યું હતુ કે સિવિલના દરવાજે બેસીને વેપાર કરું છું. મારા પતિ અવસાન પામ્યા છે, કોઇ સંતાન નથી. શનિવારે સામાન્ય વરસાદ પડતો હોવાથી ગેટની બિલકુલ નીચે બેઠી હતી. ત્યારે ડોક્ટર વિકી પરીખ આવ્યા હતા અને ગાળો બોલતા મારો સામાનનો થેલો ઉપાડી ફેંકવા જઇ રહ્યા હતા. હું સામાનની સાથે ઢસેડાઇ રહી હતી છતાં તેમણે મારો થેલો છોડ્યો ન હતો અને ૫૦ ફૂટ જેટલી મને ઢસેડી નાખી હતી.રાજ્ય સરકાર મહિલા સશક્તીકરણની જોરશોરથી વાતો કરી રહી છે. એવા સમયે ગાંધીનગરમાં જ એક તબીબ દ્વારા મજૂરી કરી પેટિયું રળતી મહિલાને ૫૦ ફૂટ ઘસડીને લઈ જતાં તેમના વર્તન સામે અનેક સવાલો ઊઠી રહ્યા છે.




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની પાંચ રચનાઓ
વિષય :." શ્રાવણ માસના તહેવારો" વિષયક રચનાઓ(૨૮-૮-૨૦૨૧)દિવસ - ૫
Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

NOG SS No : 0092
પ્રકારઃ-પદ્ય
શીર્ષક:-એક અનોખું બંધન

નથી એ માત્ર સુતરનો તાંતણો,
ઘણી પ્રાર્થનાઓને આશિષ એમાં ભળી છે.
નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.
નાની હોય તોય ભાઈને સહુથી બચાવે,
મોટી હોય તો મા-બાપની વઢ પોતે ખાઈને ભાઈને બચાવે.
એના મનમાં ભાઈ પ્રત્યે સ્નેહ અને કરુણા ભરી છે, નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.
ભાઈ માટે મા, શિક્ષક ને દોસ્તની ભૂમિકા અદા કરતી,
દુનિયા આખી સામે ભાઈ માટે એ લડતી.
નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.
ભાઈ માટે એ મા-બાપનું વ્હાલ કુરબાન કરતી,
એને ગમતી વસ્તુ પોતાની થાળીમાંથી ય દેતી.
નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.
ભાઈને કંઈ થાય તો ઘર આખું માથે લેતી,
બાધા-આખડીઓથી પ્રભુને મનાવતી.
નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.
ભાઈના ભવિષ્ય માટે,
પોતાનું ભાવિ કુરબાન કરતી,
એના સુખમાં જ પોતાનું સુખ નિહાળતી.
નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.
સંબંધોની આ વેલને ક્યારેય મુરઝાવા ના દેજો,
'પારકી' કહીને ખુદથી અળગી ના કરી દેજો કારણકે,
નસીબદાર છે એ ભાઈ,
જેને વિધાતા એ બહેન દીધી છે.

અલકા મહેતા

NOG SS No/0044
વિષય:-શ્રાવણનાં તહેવારો
વિભાગ:-પદ્ય (હાઈકુ)
શીર્ષક:- તહેવારો.

આવે શ્રાવણ
લાવે તહેવાર
આનંદાનંદ.
આવ્યો શ્રાવણ
ભક્તો કરતાં ભક્તિ
ઉલ્લાસભેર.
નાગ પાંચમ
પૂજન નાગ કેરાં
કરીએ પ્રેમે.
શેરી સાતમ
શીતળા માત કેરી
કરીએ પૂજા.
નોળિયા મામા
નોળિનેમે પૂજાય
વાડે વિદાય.
બ્રાહ્મણ રાજી
જનોઈ બદલાવી
નિભાવે ધર્મ.
રાખડી બાંધુ
વીરાની કલાઈએ
વીરાને ખમ્મા.
ખારવો જાય
સિંધુ ખેડવા આજ
ભાર્યા મુંજાય.
સ્વતંત્ર દિને
એ વીર શહીદોને
કરું નમન.
પારણું ઝુલાવે
શ્રાવણ મહિનામા
જન્માષ્ટમીએ.
શ્રાવણ માસે
ભક્તો રચે હિંડોળા
પ્રભુજી રાજી.

વિભૂતિ દેસાઈ, ઘાસવાળા,બિલીમોરા.

---

NOG SS No 0081
પ્રકાર - ગદ્ય
શિર્ષક : બહેની આવી જ હોય છે!:::::

દિલનાં દર્દને દબાવતી,સદા મરકતી,
પાંપણની કિનારે અશ્રુ રોકતી,
બહેની આવી જ હોય છે !
મહિયરે થાય મનદુઃખ,
હૈયેથી ન આવે હોઠે,
મહિયરનાં માન અકરામ
જગમાં એ ગાતી ફરે.
બહેની આવી જ હોય છે!
સાસરિયે હોય મોટી મહેલાત,
પણ પિયરે જમે રોટલી દાળ પ્રેમે,
દે આશિષ ભાઈલાને ખોબલે
એનો સંસાર ફૂલે ,ફળે?.
બહેની આવી જ હોય છે!
મોંઘા મોલની સાડી કે શેલા અકબંધ,
કબાટે એ ભલે રહ્યાં ઘડીબંધ,
બળેવની સાડી એનો હક્ક
લડી લે એ માટે વીરલા સંગ
બહેની આવી જ હોય છે!
લીધાં લગન જ્યારે તનય તનયાના,
હસતાં બોલતાં સૌની સંગ,
નજર માંડે દ્વાર ?તરફ,
વીરો કાં ન આવ્યો હજુ,
વિચારે ચઢે એનું □દય ઋજુ.
બહેની આવી જ હોય છે!
આવ્યો વીરો ને નજર મળી,
પગ બન્યાં જાણે પવન પાવડી,
ભાઈનું મોસાળું , ભાભીનું વ્હાલ,
લાવે ઉરે એનાં નવો ઉમંગ.
બહેની આવી જ હોય છે !
કરોડોની હોય ભલે એ આસામી,
રીસાવું ભાઈલાથી લેવા હકકની સાડી,
અનંતના પ્રવાસે નીસરવા ભાઈની જ સાડી.
બહેની આવી જ હોય છે!

માયા દેસાઈ,મુંબઈ ભારત.

---

NOG. સાહિત્ય સરિતા
NOG no. - 0063
વિષય - શ્રાવણ માસનાં તહેવારો
વિભાગ - ગદ્ય(લેખ)
શીર્ષક - તહેવારો અને માનવજીવન

આપણી ભારતીય સંસ્કૃતિ એટલે તહેવારોની સંસ્કૃતિ. વર્ષો પહેલાં તો અહી લોકો લગભગ દરેક દિવસ તહેવાર તરીકે ઉજવતા.દરેકનું પોતાનું આગવું મહત્વ હતું. વાવણીથી લઈને લણણી સુધી કે જન્મથી લઈ અમુક તબક્કે મૃત્યુને પણ ઉત્સવ ગણી ઉજવવો એ આપણી પરંપરા રહી છે.

સામાન્યતઃ મનુષ્ય જીવન એકસમાન ઢાળમાં ઢળેલું હોય છે. આ એકસરખી જિંદગીમાં ધીમે ધીમે આનંદ અને ઉત્સાહનું પ્રમાણ ઘટતું જાય છે. આજની આ દોડધામવાળી અને સ્પર્ધાત્મક જિંદગીમાં વ્યક્તિ એટલો નિસ્પૃહી બની ગયો છે કે ઘણી વાર એવું લાગે જાણે એને સુખ કે દુઃખ અસરકર્તા જ નથી રહ્યાં. આવાં સમયે તહેવારો મનુષ્ય જીવનમાં ઉત્સાહ અને ઉમંગ ભરી દે છે. વ્યક્તિ પોતાનાં રોજિંદા જીવનમાંથી બહાર આવી સગાસંબંધીઓને મળે છે. બાળકો અને વડિલો સાથે સમય પસાર કરે છે. વડિલો દ્વારા બાળકોને ઉજવણીની સાથે સાથે આપણી સંસ્કૃતિ, પરંપરા, રીતરિવાજો, ધર્મ, ફરજો વગેરેનું ગમ્મત સાથે જ્ઞાન મળે છે.

આપણા દેશમાં કહેવાય છે કે પહેલાં ત્રણસોથી ચારસો તહેવારો ઉજવાતા. જે હવે તો શક્ય જ નથી. પરંતુ, મહત્વનાં તહેવારો હજી પણ તેનાં ધાર્મિક મહત્વ સાથે ઉજવાય એ જોવાની દરેકની ફરજ છે. તો અને તોજ આપણી લાખો વર્ષ પુરાણી સંસ્કૃતિનું જતન થઈ શકશે.

આ તહેવારો અને ઉત્સવોમાં સૌથી મહત્વનો મહિનો એટલે ભોળાનાથનો પવિત્ર માસ શ્રાવણ માસ. શ્રાવણ માસ એટલે તહેવારોની હારમાળા. આ મહિનો આખો દેશ કે પછી ગમે ત્યાં વસતાં ભારતીયો ભોળાભંડારીની ભક્તિમાં લીન થઈ જાય છે. કોઈ પણ નાનામાં નાનું ગામડું હોય કે વિકસિત શહેર, એની ભાગોળે શીવજીની દેરી તો હશે જ. અબાલ વૃધ્ધ બધાંય અહી અચૂક માથું નમાવી ને જ નીકળે.

શ્રાવણ મહિનો ફક્ત ભોળાનાથનો જ નહી તમામ પ્રકારની આસ્થા અને શ્રદ્ધાનો મહિનો છે. આ માસમાં કન્યાઓની આસ્થાનો તહેવાર ફૂલકાજળી, બહેન-ભાઈની પરસ્પર રક્ષા અને સુખાકારી માટે ઉજવાતો નિર્મળ પ્રેમનાં પ્રતીક સમ રક્ષાબંધન જ્યારે ભૂદેવો દ્વારા જનોઈ બદલવાનો દિવસ એટલે પણ આ શ્રાવણી પૂનમ, બોળચોથ, નાગપાંચમ, વિવિધ વ્યંજનો બનાવી ઉજવાતી રાંધણ છઠ, મા દ્વારા બાળકોની સુખાકારી માટે શિતળાસાતમ, બાળગોપાળનો જન્મોત્સવ એટલે કૃષ્ણજન્માષ્ટમી વગેરે અનેક તહેવારો લોકો અનેરાં ઉત્સાહ અને ઉમંગથી ઉજવે છે.

વિવિધ મેળાઓના આયોજન થાય અને સૌ આનંદ કિલ્લોલ કરે છે.

તહેવારો અને તેની ઉજવણી એ માત્ર પ્રતીક છે. ખરેખર, આ થોડાં સમય દરમ્યાન વ્યક્તિ પોતાના તમામ દુઃખ દર્દ ભૂલી જાય છે. એનાં જીવનમાં નવી ઊર્જાનો સંચાર થાય છે. આ ઊર્જા જ મનુષ્ય માટે એકવાર ફરી, નવેસરથી, જોમથી, જુસ્સાથી જિંદગી જીવવાની જડીબુટ્ટીનું કામ કરે છે.

આમ, કોઈપણ તહેવાર એ માત્રને માત્ર ઉજવણી માટે જ નથી. એ માનવજાત માટે પથદર્શક છે.

રીટા ભાયાણી.

NOG SS.N0. 0098
विषय :- रक्षाबंधन
प्रकार:- गद्य
शीर्षक:- सामाजिक बेड़ियां

भाई-बहन के स्नेह का पवित्र पर्व है, रक्षाबंधन जो श्रावण मास की पूर्णिमा को मनाया जाता है।
दृष्टि परिवर्तन ।
उपनयन संस्कार।
व्यापारियों द्वारा दरिया की पूजा करना।
ये त्रिवेणी संगम यानी रक्षाबंधन। पर्व से जुड़ी बहुत सी पौराणिक कथाएं भी हैं। रक्षाबंधन पर्व की हार्दिक शुभकामनाएं।🙏
सामाजिक बंधनों में बंधी कुछ बहनों का रक्षाबंधन पर्व इस प्रकार का भी...

बाबुल मोरा नईहर (पीहर)छूटो ही जाए

अम्मा से बात हो रही थी. बातों-बातों में बताया कि बुआ जी नहीं आती अब राखी पर. फूफा जी नहीं आने देते, कहते हैं कि अगर वो चली जाएगी तो उनकी माई की देखभाल कौन करेगा? खाना-पानी कौन बनाएगा?

बुआ जी को मायके आए महीनों हो जाते हैं. ससुराल के उस घर में सालों भर-महीनों दिन गुज़रता है. वो कहीं बाहर भी नहीं जातीं. उनकी दुनिया वो ससुराल का आंगन भर है. फूफा जी नहीं होते तो दरवाज़े पर बंधी गाय को सिर पर आंचल रख कर चारा डाल आती है. वो भी ये देख कर कि सामने वाली सड़क से कोई गुज़र न रहा हो.

पहले रक्षा बंधन पर बुआ जी आती थी. एक-दो दिन रहती भी थी. अपनी हथेली पर मेहंदी लगाती फिर हमारी हथेलियों पर भी. दफ़्तालीन से हमें छोटे झुमकी और काँच की हरी चूड़ियाँ दिलवा देती थी. ये वो पैसे होते थे जो बुआ जी मुश्किल से बचा कर रखती थीं. कभी फूफा जी ने किसी काम के लिए दिये ,तो उसी में से दस-बीस रू. बचा लिए. उन्हीं बचे पैसे से समोसा भी ख़रीद देती थी. जाते वक़्त बीस-बीस रू. हमें हाथों में भी दे कर जाती थी।

उनकी सास जब भी चाहतीं है तो महीनों-महीनों के लिए अपने बेटी के बेटों के घर घूम आती हैं मगर मेरी बुआ तब भी उस घर की रखवाली के लिए ससुराल में ही होती है।

उनको हक़ ही नहीं है कहीं जाने का. किसी से सवाल करने का. घर में सबसे छोटी थी तो सबकी लाड़ली थी मगर ब्याह होते ही उन पर सिर्फ़ ससुराल वालों का हक़ हो गया। वो कभी भी किसी चीज़ के ख़िलाफ़ आवाज़ ही नहीं उठाती. मेरी जब भी बात होती है और मैं कहती हूँ स्टैंड लीजिए, तब सिर्फ़ यही जवाब देती है.
"दोनों कुल के इज़्ज़त अहि मे है।"

...... अब राखी फूफा जी पहुँचा जाते हैं या किसी से भिजवा देते हैं. सावन अब नहीं आता घर पर. आँगन में मेहंदी नहीं पीसी जाती. चूड़ीहारिन चूड़ियाँ पहनाने घर नहीं आती. दूरा पर झूला भी नहीं पड़ता.

न जाने कुल की इज़्ज़त निभाने के नाम पर कितनी ही बेटियों का पीहर हमेशा के लिए छूट गया होगा. राखी पर अगर हो सके तो अपनी बहुओं को मायके जाने दीजिए. उनकी गलियाँ, उनकी भाईयों की सुनी कलाइयाँ उनकी राह देख रही होंगी.
✍️
लीना शर्मा
हालोल।

## થરાદ તાલુકા જેતડા ગામ કેનાલના પાણી માટે વલખા મારતું કેનાલની માંગણી માટે મીટીંગ યોજાઈ

### જો અમારી માંગણી નહીં સંતોષાય તો ચૂંટણીનો બહિષ્કાર કરીશુ

બનાસકાંઠા જિલ્લાના સરહદી પંથકમાં પાણી ની સમસ્યાનો ઉકેલ આવવાનું નામ લેતો નથી ત્યારે લોકો રાજકીય આગેવાનો ની કંટાળી ને જાતે જ સંઘર્ષ કરવાનું નક્કી કર્યું છે ત્યારે જેતડા ગામના લોકો દ્વારા કોઈ પણ પક્ષ માં મતદાન નાં કરવાનો સરકાર શ્રી સામે વિરુદ્ધ નો નિર્ણય લીધો છે જેતડા ગામ નો નિર્ણય સરહદી વિસ્તારમાં આવેલા તમામ ગામો ના હિત માં છે.બોરવેલ માં અઢળક ખર્ચ કરવામાં આવે છતાં પાણી ની કોઈ ગેરંટી હોતી નથી તેમજ દિવસે ને દિવસે તળ ઉંડા જાય છે જ્યાં જેતડા મુકામે રામ મંદિર ખાતે મીટીંગ યોજાઈ હતી જેમાં ભૂગર્ભ તળ ઊંડા જતા સર્જાયેલી વિકટ પરિસ્થિતિ ને ધ્યાને રાખી અને નર્મદા કેનાલ અને સુજલામ સુફલામાં કેનાલ ની વચ્ચે આવતા ગામડાઓ ને બંને કેનાલો ૧૫ થી ૨૦ કિલોમીટર દૂર હોવાથી એકેય કેનાલ નો લાભ મળી શકે તેમ ના હોવાથી નવીન માઈનોર કેનાલ ની માંગણી અને આજુ બાજુ ના ગામડાઓ ના આંદોલન મા જોડાય અને દરેક ગામના લોકો જાગૃત થાય અને સાથ સહકાર આપે અને ગામે ગામ ના ખેડૂતો નહેર ની માંગણી કરે તેવી ચર્ચા વિચારણા કરવા માં આવેલી પાણી નહીં તો વોટ નહીં આપવાની ચિમકી ઉચ્ચારી હતી અને વધુ મા જણાવ્યું હતું કે જો આટલું કરતાં સરકાર શ્રી અમારી વાત નહીં સાંભળે તો ગાંધી ચિંધ્યા માર્ગે જઈ આંદોલન કરીશુ

જયેશ મકવાણા થરાદ

## થરાદ તાલુકાને અછતગ્રસ્ત જાહેર કરવા આવેદનપત્ર આપવામા આવ્યું



થરાદ તાલુકા મા અત્યારે વરસાદ ખેંચાતા દુકાળ જેવી સ્થિતિ સર્જાય છે જ્યારે અત્યારના સમયમાં લોકોને ખાસ માટે વલખા મારી રહ્યા છે ત્યારે બીજી બાજુ ગૌ શાળાના સંચાલકોને અત્યારે ગૌશાળા ચલાવવામાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે અત્યારે આવી વિકટ પરિસ્થિતિના સમયમાં જ્યારે એક બાજુ કોરોના અને બીજી બાજુ વરસાદ ના આવતા દુષ્કાળની પરિસ્થિતિ સર્જાતા લોકોને ત્યારે પોતાનું જીવન નિર્વાહ ચલાવવું ખૂબ મુશ્કેલ બની ગયું છે તેવા સમયમાં ગૌશાળા સંચાલકો ને ગૌ શાળા ચલાવી ખૂબ જ મુશ્કેલ છે ત્યારે આજે થરાદ તાલુકા ની બધી જ ગૌ શાળાના સંચાલકોએ ભેગા મળીને થરાદ મામલતદાર ને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું કે ગૌશાળામાં ગાયો માટે ઘાસચારાની ખૂબ જ અછત ઊભી થઈ છે અત્યારે દુષ્કાળ જેવી સ્થિતિ હોવાથી લોકો ઘાસચારાના ભાવ વધારી દીધા છે અને તે છતાં પણ લોકો ઘાસચારો આપતા નથી એના કારણે ઘાસચારાની ખૂબ જ અછત છે ઘાસચારાના અભાવના કારણે ગૌશાળામાં ગોવંશ નો નિભાવ કરવો કઠિન છે તથા પાંજરાપોળમાં પશુ અને જીવાડુ ઘણું મુશ્કેલ છે દુષ્કાળની પરિસ્થિતિ ના કારણે તાલુકાના ગામોમાંથી પણ ગોવંશ ગૌશાળામા આવશે જેના કારણે ગૌશાળા પાંજરાપોળ માં સંખ્યા ખૂબ જ વધશે દુષ્કાળની સ્થિતિને કારણે ઘાસ ચારા નો ભાવ ખૂબ જ વધી ગયેલ છે અને ઘાસચારાની અછત પણ ખૂબ છે સરકાર શ્રી ઘાસચારાની વ્યવસ્થા કરે અથવા સહાય ચૂકવે જેથી ગૌવંશ ને બચાવી શકીએ એવી રજૂઆત કરવામા આવી હતી

## વલસાડ વિધાનસભા પ્રશિક્ષણ વર્ગ તથા પેજપ્રમુખ કાર્ડ વિતરણ તેમજ જીલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યોનો સન્માન કાર્યક્રમ યોજાયો



વલસાડ ખાતે વલસાડ વિધાનસભા પ્રશિક્ષણ વર્ગ તથા પેજપ્રમુખ કાર્ડ વિતરણ તેમજ જીલ્લા પંચાયત તાલુકા પંચાયતના ચૂંટાયેલા સભ્યો ના સન્માન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશના અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ માં મુખ્ય મહેમાન તરીકે વલસાડ જિલ્લાના પ્રમુખ શ્રી હેમંતભાઈ કંસારાજી, ગુજરાત સરકાર ના માનનીય મંત્રીશ્રી રમણભાઈ પાટકરજી (વન અને આદિજાતિ વિભાગ) તેમજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ના ઉપાધ્યક્ષ શ્રીમતી ઉષાબેન પટેલ, વલસાડ વિધાનસભા ના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ,ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટી ના મંત્રી અને વલસાડ જિલ્લા ના પ્રભારી શ્રીમતી શીતલબેન સોની,વલસાડ જિલ્લાના પ્રભારી શ્રી મધુભાઈ કથીરિયાજી, વલસાડ ડાંગ ના સ ં સ દ સ ભ્ય શ્રી ડૉ.કે.સી.પટેલ,વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના મહામંત્રીશ્રી કમલેશભાઈ પટેલ,શ્રી મહેન્દ્રભાઈ ચૌધરી,પારડી ના ધારાસભ્યશ્રી કનુભાઈ દેસાઈ ,વલસાડ જિલ્લા ભારતીય જનતા પાર્ટી ના જિલ્લા ના હોદેદારો, વલસાડ શહેર,તાલુકા ના હોદેદારો,વલસાડ જિલ્લા પંચાયત ના ચૂંટાયેલા સભ્યો, વલસાડ તાલુકા પંચાયત ના ચુટાયેલા સભ્યો, વલસાડ નગરપાલિકા ચૂંટાયેલા સભ્યો,વિવિધ મોરચાના ના હોદેદારો સહિત કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા...

આખં ની રંગત તમે છો.. પ્રેમ ની તો સંગત તમે છો..
આવી એક પળ એવી?? હવે, તો બસ જિંદગી ની હરેક પળ મારી તો તમે જ છો....

કોઈ શુન્ય માંથી પહાડ સર્જે... કોઈ પહાડ માંથી મૂર્તિ સર્જે... તાકાત છે આ પ્રેમ ની જે લાગણીઓ ના દરિયામાં ભરતી અને ઓટ સર્જે

પ્રેમ ની આ વાતો છે, ક્યાં આપણી મુલકાતો છે, યાદોની આ વાતો છે, કલ્પના ઓની મુલાકાતો છે, સ્વપ્ના ઓનો સાથ છે, હકીકતો થી અજાણ છે, પ્રેમ ની આ વાતો છે. બસ, પ્રેમ ની આ વાતો છે......

કોઈના ન હોવા છતાં એનો અહેસાસ રહી જાય છે....
કોઈ ના વહી ગયા પછી પણ એનો આભાસ રહી જાય છે...
જિંદગી ની વિતી રહેલી દરેક ક્ષણો માં એનો પડઘો રહી જાય છે....

હેતલ. જોષી.. રાજકોટ



## મોડાસા : રખડતા ઢોરને લઈ પ્રાદેશીક કમિશ્નરની પાલીકાને સંવેદનશીલ બનવા ટકોર

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠ વાસ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં રખડતા ઢોરના ત્રાસથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે ત્યારે મોડાસા નગરપાલિકાની મુલકાતે આવેલા પ્રાદેશીક પાલીકા કમિશ્નર ડી.કે પારેખે નગરપાલિકાની કામગીરી અંગે અધિકારીઓ, કર્મચારીઓ પદાધિકારીઓ સાથે ચર્ચા કરી હતી અને નગરપાલિકાને રખડતા ઢોરની સમસ્યાની નિરાકરણ લાવવા સંવેદનશીલ કામગીરી કરવા ટકોર કરી હતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલા મોડાસા શહેરમાં રિવરફ્રંટનું ખાતમુહૂર્ત કર્યા પછી રીવરફ્રંટની કામગીરી અદ્ધરતાલ છે ત્યારે આ અંગે એંજીનીયરની સ્થળ મુલકાત કરી છે પછી આ અંગેનો નિર્ણય લઈશું તેમ પ્રાદેશીક કમિશનરે જણાવ્યું હતું ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ પણ રખડતા ઢોરની સમસ્યા અંગે વહીવટી તંત્ર અને પોલીસ સંયુક્ત કામગીરી કરશેની હૈયાધારણા પછી પણ સમસ્યા યથાવત રહી છે ત્યારે પ્રાદેશીક નગરપાલિકા કમિશનરની ટકોરને નગરપાલિકા તંત્ર નક્કર કામગીરી કરશે કે પછી ઘોળીને પી જશે તે જોવું રહ્યું.મોડાસા શહેરમાં શહેરના રસ્તા વચ્ચે અડિંગો જમાવીને બેસતી અને રખડતી ગાયોને લીધે વારંવાર નાના-મોટા અકસ્માત સર્જાઈ રહ્યા છે તેમ છતાં નગરપાલિકા તંત્ર રખડતા ઢોરની સમસ્યા હલ કરવામાં જાણે કોઈ રસ જ દાખવતી ન હોય તેમ શહેરના મુખ્યમાર્ગો અને અંતરીયાળ માર્ગ પર રખડતા ઢોર લોકો માટે માથાનો દુખાવો બની રહ્યા છે ત્યારે પ્રાદેશીક કમિશ્નરે રખડતા ઢોર અંગે નગરપાલિકાને સંવેદનશીલ કામગીરી કરવા જણાવ્યું હતું તેમજ રખડતા ઢોરની જાળવણી અને પાંજરાપોળના અભાવે કામગીરી કરવામાં પાલીકા તંત્ર મુશ્કેલી અનુભવી રહ્યું હોવાનું જણાવ્યું હતું



કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયાના અધ્યક્ષ સ્થાને વતન જનડા ગામે ત્રિવેણી કાર્યક્રમ યોજાયો કુંવરજીભાઈના માતૃશ્રીની સ્મૃતિમા જનડા ગામે બનાવેલ પ્રવેશદ્વાર ગેટનું લોકાર્પણ રેન બસેરાનું લોકાર્પણ બસ સ્ટેન્ડનું ખાતમુર્હુત તેમજ કોરોના ની વૈશ્વિક મહામારી અને કપરી પરિસ્થિતિ વચ્ચે જેમને રાત-દિવસ જોયા વગર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સેવા સુરક્ષા અને સમયનું યોગદાન આપેલ એવા કોરોના યોદ્ધા અને દાનવીર દાતાઓનો સન્માન સમારોહ યોજાયો કાર્યક્રમમાં પાંચાળની પુરાતન જગ્યાના મહંત શ્રી હરિરામ બાપાએ હાજરી આપી આશિર્વચન પાઠવ્યા હતા કાર્યક્રમમાં કેબિનેટ મંત્રી કુવરજીભાઈ બાવળિયાના સુપુત્ર ડોક્ટર મનીષ બાવળીયા ભાજપ પ્રમુખ અશ્વિનભાઇ સાંકળિયા પાંચાળ વિકાસ બોર્ડ પ્રમુખ વિનોદભાઈ વાલાણી નીતિનભાઈ રોજાસરા લાલભાઈ ગઢવી સરપંચ જયસુખભાઇ પડાણી વગેરે હાજર રહ્યા હતા કાર્યક્રમની સુંદર વ્યવસ્થા જનડા આપાતકાલીન સેવા સમિતિના સભ્યશ્રીઓ અને ગામલોકોએ હાજર રહી પ્રસંગને શીભાવ્યો હતો

# નાયબ મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ સીવિલ મેડીસીટીની કેન્સર હોસ્પિટલની મુલાકાત લઇ નવીન ઉપકરણની કામગીરીનો તાગ મેળવ્યો



અમદાવાદ સિવિલ મેડીસીટીમાં આવેલી કેન્સર હોસ્પિટલમાં રાજ્ય સરકારના સહયોગ થી અંદાજીત ૭૫ કરોડના ખર્ચે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ રેડીયાથેરાપી સારવારને લગતા વિવિધ મશીનો કાર્યરત કરાવવામાં આવી છે તેમ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે જણાંવી ટૂંક સમયમાં આ તમામ મશીનો દર્દીઓની સેવામાં કાર્યરત બનશે તેમ કહ્યું હતુ. શ્રી નીતિનભાઇ પટેલે આજે સિવિલ મેડીસીટી કેમ્પસમાં આવેલી ગુજરાત કેન્સર રીસર્ચ ઇન્સ્ટીટ્યુટની નવીન બિલ્ડીંગની મુલાકાત લીધી હતી. તેઓએ આ નવીન બિલ્ડીગમાં સ્થિત અત્યાધુનિક મશીનરીની મુલાકાતી લઇને જાત માહીતી મેળવી હતી.કેન્સર હોસ્પિટલના ડાયરેક્ટર ડૉ. શંશાક પંડ્યાએ નાયબ મુખ્યમંત્રી શ્રી ને સમગ્ર તકનીકી વ્યવસ્થાનો ચિતાર રજૂ કર્યો હતો.

સમગ્ર દેશમાં સરકારી હોસ્પિટલમાં કેન્સરગ્રસ્ત દર્દીઓની રેડીયોથેરાપી માટેના આ પ્રકારના અત્યાધુનિક મશીન કાર્યરત કરવામાં આવ્યા હોય તેવું ગુજરાત પ્રથમ રાજ્ય હોવાનું નાયબ મુખ્યમંત્રી શ્રી એ જણાવ્યું હતુ.

આ પ્રકારના રેડીયોથેરાપી મશીન કેન્સરગ્રસ્ત દર્દીઓની પીડાના સચોટ નિદાન કરીને તેની સત્વરે અને ચોક્કસ સારવાર કરવામાં અત્યંત લાભદાયી હોવાનું શ્રી નીતિનભાઇ પટેલે કહ્યું હતુ. તેઓએ એમ પણ ઉમેર્યુ કે,આ પ્રકારના અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ મશીન કેન્સરગ્રસ્ત અંગ અથવા કોશિકાના માઇક્રો અથવા મીલીમીટર જેટલા ભાગનું પણ નિદાન કરીને સારવાર કરવામાં સક્ષમ છે.

ઉક્ત રેડીયોથેરાપી મશીનરી દેશની જૂજ હોસ્પિટલમાં જ જોવા મળે તેમ જણાવી અમેરિકા અને યુરોપ જેવા દેશમાંથી આ પ્રકારના મશીન સરકારી ખર્ચે ઉપલબ્ધ થયા હોવાનું નાયબ મુખ્યમંત્રી શ્રી એ કહ્યુ હતુ. મીડીયા સાથેના સંવાદમાં તેઓએ જણાવ્યું કે , અગાઉ સમગ્ર રાજ્યમાં કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અમદાવાદ સીવિલ મેડિસીટીમાં આવેલી કેન્સર હોસ્પિટલ જ એકમાત્ર કેન્દ્ર હતું. જે કારણોસર અહીં દર્દીઓનો ધસારો જોવા મળતો હતો. કેન્સરની સર્જરી માં પણ લાબું વેઇટીગ જોવા મળતું હતુ. રાજ્ય સરકારએ આ સ્થિતિ પારખીને દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવા જામનગર, વડોદરા,રાજકોટ, ભાવનગર જેવા જિલ્લાઓમાં પણ કેન્સર હોસ્પિટલ કાર્યરત કરીને સ્થાનિક સ્તરે જ કેન્સરગ્રસ્ત દર્દીઓને સત્વરે સારવાર મળી રહે તે માટેનું સુદ્રઢ આયોજન હાથ ધર્યું છે.

રાજ્ય સરકાર દ્વારા કોરોના મહામારીમાં પણ રાજ્યની હોસ્પિટલમાં જ્યાં પણ અત્યાધુનિક મશીનરીની જરૂરિયાત ઉભી થઇ તે યુધ્ધના ધોરણે સંતોષી છે. દર્દીઓને સત્વરે અને શ્રેષ્ઠ સારવાર મળે એ જ રાજ્ય સરકારની પ્રાથમિકતા રહી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ પણ સીવિલ મેડિસીટીમાં આવેલી કેન્સર હોસ્પિટલને વધુ વિકસાવવા અને અત્યાધુનિક બનાવવાની નેમ વ્યક્ત કરી હતી. જેના પગલે કેન્દ્ર સરકાર દ્વારા ગ્રાન્ટ ફાળવણી કરીને તે દિશામાં પગલા હાથ ધરવામાં આવ્યા છે.

હાલ કેન્સરના જૂના બિલ્ડીગમાં ૩૦૦ પથારી કાર્યરત છે. કેન્સરનું નવીન બિલ્ડીગ સંપૂર્ણ પણે કાર્યરત બનતા કેન્સરગ્રસ્ત દર્દઓની સારવારમાં કુલ ૬૦૦ પથારીની વ્યવસ્થા ઉપલબ્ધ બનશે. કેન્સરના નવીન બિલ્ડીગ માં ૧૫ ઓપરેશન થીયેટર બનાવવામાં આવ્યા છે અને બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ માટેની સુવિધાઓ ત્રણ ગણી વધારવામાં આવી છે.

-અમિતસિંહ ચૌહાણ

# બનાવટી ચલણી નોટોની હેરા ફેરી કરતા બે ઝડપયા



ભારતીય અર્થતંત્ર ને નુકસાન થાય તે રીતે બનાવટી ચલણી નોટોની ગેરકાયદેસર હેરાફેરી કરતા બે આરોપીઓને ઝડપી પાડતી એસ.ઓ.જી. તથા એલ. સી. બી. થરાદ તાલુકા ના ડુવા ગામ મા એલસીબી તથા એસોજી ને બાતમી મળેલ નોટઓ નુ નેટવર્ક ચાલે છે તો એલસીબી મધ્ય રાત્રી ના સમય વોચ ગોઠવી ને બેઠા હતા તે સમય એ હકીકત વાળી બાઈક આવતા રોકવી ને પૂછ પરછ કરતા નોટો મળી આવતા આરોપી ને નામ પરબત સિંહ જેસાજી રાજપુત રહે થરા તાલુકો થરાદ તથા કીર્તિભાઇ પરખાજી ઠાકોર રહે કિયાલ તા. થરાદ વાળા ને ભારતીય ચલણની બનાવટી રૂપિયા ૨૦૦ના દરની બનાવટી નોટો નંગ ૯૪૦ જેની કિંમત ૧૮૮૦૦૦ ની તથા અન્ય મુદ્દામાલ ફુલ રૂપિયા ૨૦૧૨૦/- સાથે ઝડપી પાડી આરોપી વિરૂધ્ધ ઈ. પી.કો. કલમ ૪૮૯ છ,ખ,ઝ તથા ૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ હતી

# અમદાવાદ સિવિલ મેડિસીટીની ૧૨૦૦ની મુલાકાત લેતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

કોરોનાકાળમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે અતિપ્રચલિત બનેલી ૧૨૦૦ બેડ કોવિડ ડેઝીગ્નેટેડ હોસ્પિટલની નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલે આજરોજ મુલાકાત લીધી હતી.

૧૨૦૦ બેડ હોસ્પિટલમાં નિર્માણાધીન વોર્ડની કામગીરી, તકનીકી ઉપકરણો, ઓ.પી.ડી. આઇ.સી.યુ. વગેરે જેવી સુવિધાઓની જાત માહિતી મેળવીની સમગ્ર પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો.

નાયબ મુખ્યમંત્રી શ્રી એ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં નવા સ્થાપાયેલા ઓક્સિજન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી. અત્રે નોંધનીય બાબત છે કે, ૧૨૦૦ બેડ હોસ્પિટલના તમામ બેડને ઓક્સિજનની સેન્ટ્રલ લાઇન થી જોડવામાં આવનાર છે. જેથી હોસ્પિટલના તમામ બેડ પર ઓક્સિજનની સુવિધા ઉપલબ્ધ થઇ શકે. કોરોનાની સંભવિત ત્રીજી લહેરની તૈયારીનું આ એક આગોતરુ આયોજન છે. કોરોનાની સંભવિત ત્રીજી લહેર ન પણ આવે તો સામાન્ય દિવસોમાં પણ સામાન્ય મહિલા અને બાળ દર્દીઓની ઓક્સિજનની જરૂરિયાત સંતોષવા આ ઓક્સિજન સેન્ટ્રલ લાઇન અસરકારક સાબિત થશે તેવો ભાવ નાયબ મુખ્યમંત્રી શ્રી એ વ્યક્ત કર્યો હતો.



પંચમહાલ જિલ્લાના સીમલિયા ગામે આપ પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ ઇટાલિયા દ્વારા સરકાર પર આકરા પ્રહાર.... જન સંવેદના મુલાકાત કાર્યક્રમમાં અડચણરૂપ થઈ સભા સ્થળમાં વિઘ્ન કરનાર ભાજપ સરકારને ખુલ્લી ચેલેન્જ આપતા પ્રદેશ પ્રમુખ ગોપાલભાઈ ઇટાલિયા

# રાજ્ય સરકાર દ્વારા ૭૫ કરોડના ખર્ચે નવીન તકનીકોથી સજ્જ મશીન વિકસાવવામાં આવ્યા

અમદાવાદ સિવિલ મેડિસીટી કેમ્પસમાં આવેલી જી.સી.આર.આઇ. કેન્સર હોસ્પિટલમાં અત્યાધુનિક તકનીકોથી સજ્જ રેડીયોથેરાપી મશીન વિકસાવવામાં આવ્યા છે જે ટૂંક સમયમાં કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં કાર્યરત કરવામાં આવશે.

જેમાં અંદાજીત ૧૬.૩૦ કરોડના ખર્ચે અમેરિકન કંપનીનું ટૂબીમ મશીન કાર્યરત કરવામાં આવ્યુ છે. જે મોઢા તથા ગળાના, ગર્ભાશયના,સ્તન, પ્રોસ્ટેટના, ફેફસા અને બ્રેઇન કેન્સરના સચોટ નિદાન અને સારવારમાં અત્યંત અસરકારક સાબિત થશે. આ મશીનથી જે ભાગમાં બિમારી હોય તેટલા ભાગને જ રેડિયોથેરાપીની સારવાર આપવામાં આવે છે. જેના કારણે શરીરના અન્ય ભાગમાં રેડીયશનની આડઅસરની સંભાવના ઘટી જાય છે.

અંદાજીત ૨૨ કરોડના ખર્ચે ટોમોથેરાપી મશીન કાર્યરત કરવામાં આવ્યું છે. જેના દ્વારા શરીરના જેટલા ભાગમાં કેન્સર હોય તે સંપૂર્ણ ભાગને એક સાથે રેડિયોથેરાપીની સારવાર આપી શકાશે.

સાઇબર નાઇફ મશીન જે અંદાજીત ૨૭.૫૬ લાખના ખર્ચે અમેરીકન સ્થિત કંપની ના સહયોગથી રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવ્યું છે. જે કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં અત્યાધુનિક માનાવામાં આવે છે. રોબોટ દ્વારા આ મશીન થકી સારવાર શક્ય બને છે. મગજના કેન્સર તથા શરીરમાં ખૂબ જ નાની કેન્સરની ગાંઠ હોય તેવા કિસ્સામાં ફક્ત કેન્સરગ્રસ્ત ભાગને જ સારવાર આપીને અન્ય ટીસ્યુ(પેશીઓને) નહીવત નુકસાન પહોંચે તે પ્રકારની સચોટ સારવાર આ મશીન ઉપલબ્ધ કરાવે છે.

બ્રેકીથેરાપી મશીન ૩ કરોડ ૨૫ લાખના ખર્ચે યુરોપ સ્થિત કંપની દ્વારા વિકસાવવામાં આવ્યું છે. કેન્સર હોસ્પિટલમાં આ મશીનના કાર્યાન્વિત થવાથી ખાસ કરીને કેન્સર ગ્રસ્ત સ્ત્રીઓ વધુ લાભ થનાર છે. આ પ્રકારનું મશીન ગર્ભાશયના મુખના કેન્સર, સ્તન કેન્સર, અન્નળી કેન્સરમાં જે ભાગમાં ગાંઠ હોય તે જગ્યામાં જરૂરી અને સુરક્ષિત માત્રામાં રેડિયોથેરાપી ડોઝ પહોંચાડે છે.

૫ કરોડ અને ૮૬ લાખ ના ખર્ચે સીટી સીમ્યુલેટર પણ કેન્સર હોસ્પિટલમા કાર્યરત કરવામાં આવનાર છે જેના દ્વારા દરેક રેડિયોથેરાપીની સારવાર પહેલા જે ભાગમાં બિમારી હોય તે ભાગમાં કોમ્પ્યુટરાઇઝ સારવાર પ્લાનીગ માટે દર્દીના સી.ટી. સ્કેન કરવામાં આવશે.

આ તમામ મશીન અંદાજીત ૭૫ કરોડના ખર્ચે રાજ્ય સરકાર દ્વારા વિકસાવવામાં આવ્યા છે. જે કેન્સરગ્રસ્ત દર્દીઓની સારવારમાં અસરકારક સાબિત થશે.

અમિતસિંહ ચૌહાણ

# થરા માર્કેટયાર્ડ શ્રી મહાકાલ નવખંડ મહાદેવ ખાતે ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠાનું આરતી પૂજાથી સમાપન

## શિવ પરિવાર ભારતમાતા બ્રહ્મલીન સંતોની મૂર્તિઓની નૂતન શિવાલયમાં પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી



કાંકરેજ તાલુકાના વેપારી મથક થરા નગરના ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ખાતે નવ નિર્માણ પામેલ શ્રી મહાકાલ નવખંડ મહાદેવ શિવાલયનો ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ગઈ તા. ૨૫/૦૮/૨૦૨૧ બુધવાર થી શુભારંભ થયો કર્મના આચાર્ય પંડ્યા હિતેશકુમાર પાટીલ સિધ્ધપુરના મુખારવિંદે સવારે ૭.૧૫ કલાકે દેહ શુધ્ધિ પ્રાયશ્ચિત કર્મ,ગણેશ સ્થાપના,મંડપ પ્રવેશ દેવી દેવતાઓના સ્થાપન પૂજન, હોમ સાયંપૂજા કરી પ્રથમ દિવસની વિધિ સંપન્ન કરેલ બીજા દિવસે તા. ૨૬/૦૮/૨૦૨૧ ગુરૂવારે જલયાત્રા અને શિવ પરિવારની નગરયાત્રા,વાસ્તુ- શાંતિ પૂજન, જલાધિવાસ, ધાન્યાધિવાસ, ધૃતાધિવાસ,મહાસ્તપનની વિધિ કરવામાં આવી હતી.ગઈકાલે તા,૨૭/૦૮/૨૦૨૧ શુક્રવારે બપોરે ૧૨.૩૦ કલાકે પ્રાણપ્રતિષ્ઠા થઈ અને બપોરે ૨.૩૦ કલાકે પ્રાણપ્રતિષ્ઠા પામેલ શિવલિંગ શિવ પરિવાર સંતોની મૂર્તિઓની આરતી પૂજા સાથે ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની પૂર્ણાહુતિ થઈ.ત્રિદિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનો થરા માર્કેટ યાર્ડના ચેરમેન અણદાભાઇ પટેલે તમામનો હદય પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. શિવ પરિવાર સંતોની મૂર્તિઓની નૂતન શિવાલયમાં પ્રાણપ્રતિષ્ઠા થયા પછી દર્શન-ભોજન પ્રસાદનો શિવભક્તો, સાધુ સંતો મહંતો રાજકીય સહકાર સામાજિક અગ્રણીઓએ લાભ લીધો હતો.શ્રાવણ માસમાં થરા માર્કેટ યાર્ડ ખાતે મહાકાલ નવખંડ મહાદેવ શિવાલયમાં પ્રાણપ્રતિષ્ઠાથી નગર-તાલુકામાં આનંદનો ભાવ જોવા મળ્યો હતો.

(રિપોર્ટર :- કનુજી ઠાકોર બનાસકાંઠા)

## કોરોનાની સંભવિત ત્રીજી લહેર માટે ગુજરાત સજ્જ: ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા

# અમદાવાદના હાંસોલ ખાતે ધ ગુજરાત રિસર્ચ એન્ડ મેડિકલ ઇન્સ્ટિટ્યુટના નવી હોસ્પિટલના ભૂમિ પૂજનમાં ગૃહરાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાની પ્રેરક ઉપસ્થિતિ



## ગુજરાતએ ટ્રેકિંગ, ટેસ્ટીગ અને ટ્રીટમેન્ટથી કોરોના સંક્રમણ નિયંત્રિત કર્યું : ગૃહ રાજ્યમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા

અમદાવાદના ખાતે હાંસોલ ખાતે ગુજરાત રિસર્ચ એન્ડ મેડિકલ ઇન્સ્ટિટ્યુટની નવી હોસ્પિટલના ભૂમિપુજન પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, કોરોનાની સંભવીત ત્રીજી લહેર માટે ગુજરાત સજ્જ છે. તેમણે ઉમેર્યું કે, રાજ્ય સરકારે સંભવિત લહેરને ધ્યાનમાં રાખી માળખાગત સુવિધાઓ અને માનવબળની પૂરતી વ્યવસ્થા કરી છે .

ગૃહરાજ્યમંત્રીશ્રીએ આ અવસરે ગુજરાત રાજ્ય મેડિકલ હબ તરીકે ઉભરી આવ્યું હોવાનું જણાવ્યું હતું અને રાજ્ય સરકારે સ્વાસ્થ્યના ક્ષેત્રમાં કરેલી ઉત્તમ કામગીરીનું ઉદાહરણ ટાંકતા કહ્યું કે કોરોના સમયમાં રાજ્ય સરકારે ટ્રેકિંગ, ટેસ્ટિંગ અને અને ટ્રીટમેન્ટ- એટલે કે 3– T ની રણનીતિ અપનાવી કોરોના સંક્રમણને નિયંત્રિત કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે સરકાર છેલ્લા દોઢ વર્ષથી કોરોનામાં રીકવરી રેટમાં વૃદ્ધિ થાય તે રાજ્ય સરકાર અવિતર પ્રયાસ કરી રહી છે.

આ અવસરે ગૃહરાજ્યમંત્રીશ્રીએ નાગરિકોને અપીલ કરતા કહ્યું કે, કોરોનાને હરાવવા માટે પ્રોટોકોલનું પાલન અને વેક્સિન એ જ ઉપાય છે. શ્રી પ્રદીપસિંહ જાડેજાએ પ્રાસંગિક ઉદબોધનમાં રાજસ્થાન હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓને નવી હોસ્પિટલના ભૂમિપૂજન પ્રસંગે અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, હોસ્પિટલમાં દાતાઓ દ્વારા અપાતું દાન એ માત્ર દાન નથી, પરંતુ એક ગરીબની “નવી જિંદગી” છે. તેમણે આ પ્રસંગે રાજસ્થાન હોસ્પિટલના ટ્રસ્ટીશ્રીઓ સાથેના સંસ્મરણો વાગોળતા જણાવ્યું હતું કે, અસારવા એ મારું રાજકીય ક્ષેત્ર રહ્યું છે. અને જ્યારે મારી પાસે કોઈ પદ નહોતું ત્યારે પણ રાજસ્થાન હોસ્પિટલના ટ્રસ્ટ્રીશ્રીઓનો અવિરત સહયોગ મને પ્રાપ્ત થતો રહ્યો છે. તેમણે આ સંદર્ભે અમદાવાદમાં થયેલા સિરિયલ બ્લાસ્ટની ઘટનાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, તે સમયે ધારાસભ્યશ્રી પ્રદીપભાઈ પરમાર બ્લાસ્ટમાં ઘાયલ થયા હતા ત્યારે રાજસ્થાન હોસ્પિટલના તબીબોએ જ તેમને નવજીવન બક્ષ્યું હતું. મંત્રીશ્રીએ અમદાવાદમાં માનવતાવાદી કાર્યો માટે રાજસ્થાન હોસ્પિટલ ને યાદ રખાશે એમ પણ ઉમેર્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી પ્રદીપભાઈ પરમાર, અમદાવાદ મહાનગરપાલિકાની મહિલા અને બાળ કલ્યાણ કમિટીના ચેરમેન શ્રી પ્રતિભાબેન જૈન, પાણી પુરવઠા કમિટીના ડે.ચેરમેન શ્રી ભરતભાઈ પટેલ, હાઉસિંગ કમિટીના સભ્ય શ્રી જસ્મિનબેન ભાવસાર, શ્રી જસુભાઈ ઠાકોર તેમજ ×ધ ગુજરાત રિસર્ચ એન્ડ મેડિકલ ઈન્સ્ટિટ્યુટના એકઝીક્યુટિવ ચેરમેન શ્રી પી.આર.કાંકરિયા અને સેક્રેટરી શ્રી મહેન્દ્રભાઈ શાહ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# માણાવદર નાંદરખા ગામમાં ગંદકી ફેલાવતા તત્વો સામે સરપંચની પોલીસમાં રજુઆત



માણાવદર તાલુકાના નાંદરખા ગામ માં અમુક શખ્સો દ્વારા માનવસર્જિત ગંદકી ફેલાવતા ગામના સરપંચ કે.ડી.લાડાણી દ્વારા માણાવદર પોલીસ સ્ટેશન, મામલતદાર, જિલ્લા કલેકટર, આરોગ્ય શાખા તથા ધારાસભ્ય જવાહરભાઈ ચાવડા વગેરે સમક્ષ લેખિત ફરિયાદ કરવામાં આવી છે.

સરપંચ લાડાણી એ જણાવેલ છે કે નાંદરખા ગામ માં રહેતા મનસુખભાઇ વડુકીયા, તથા પોપટભાઈ વડુકીયાએ રેહણાક વિસ્તાર પાસેના મુખ્ય રસ્તા તથા ઘરની આસપાસ મોટા મોટા ઢોર- પશુઓના છાણના ઢગલા કર્યા છે. તેમજ જાહેર માર્ગ વચ્ચે મોટો પાળો કરી પાણીને રોકાયેલ છે આ પાળાને કારણે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ધુસી રહ્યું છે તથા પાણીનો પણ બેફામ બગાડ- દુરુપયોગ કરી રહ્યા છે. ઉકરડાઓ તથા પાળા ને કારણે ગામમાં ગંદકી ફેલાઈ ગઈ છે.

સરપંચ વિશેષમાં એવું જણાવેલ છે આ ઈસમોને આ અંગે વારંવાર રૂબરૂ તથા લેખિતમાં ગ્રામ પંચાયતે આ ગંદકી દૂર કરવા જાણ કરી હોવા છતાં તેઓએ અમલવારી કરેલ નથી.

ગંદકીના કારણે ગામમાં મચ્છરો અને માખીઓનો ઉપદ્રવ વધ્યો છે અને લોકો બીમાર પડવા લાગ્યા છે ચિકનગુનિયા કોરોના જેવા રોગનો ભોગ લોકો બની રહ્યા છે.

જો આ ઉકરડાઓ તાત્કાલિક ધોરણે ઉપાડવામાં નહીં આવે તો ચોમાસાનો વરસાદ થતાં ભયંકર રોગચાળો ફાટી નીકળશે માટે નાંદરખા ગામના આરોગ્યની જાળવણી માટે પોલીસ તંત્ર તથા આરોગ્ય શાખાએ ભૂમિકા ભજવવી પડશે આ શખ્સો ગ્રામ પંચાયતને દાદ દેતા નથી એમ સરપંચે લેખિત આવેદન પત્રમાં જણાવેલ છે

તસવીર અહેવાલ - જીગ્નેશ પટેલ માણાવદર

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.